આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪
વર્ષ : ૮૫ • અંક : ૧૧
સળંગ અંક : ૧૦૨૩
ફેબ્રુઆરી-૨૦૨૬




## હરભાઈ સ્મારકનિધિ ઉપક્રમે
# વિચાર ગોષ્ઠિ

## વિચાર ગોષ્ઠિ કાર્યક્રમ - ૨૦૨૬

**હરભાઈ સ્મારકનિધિ ઉપક્રમે વિચાર ગોષ્ઠિ કાર્યક્રમનું આયોજન શાંતીકુમાર કોઠારી વિદ્યાલય, અસારવા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ''શૈક્ષણિક માસિકના પ્રશ્નો અને ઉપાયો'' વિષય ઉપર જાણીતા શિક્ષણવિદ્ શ્રી મનસુખભાઈ સલ્લા, શ્રી મફતભાઈ પટેલ, શ્રી રતિલાલ બોરીસાગર તેમજ ઘરશાળાના લેખકોએ વિચારો રજૂ કર્યા.**




શ્રી મફતભાઈ પટેલ



શ્રી મનસુખભાઈ સલ્લા



શ્રી રતિલાલ બોરીસાગર



જસ્ટીસ શ્રી રવિકુમાર ત્રિપાઠી



## સ.ક.૨ શાળાકીય વાર્ષિકોત્સવ













# ઘરશાળા

વર્ષ : ૮૫ ફેબ્રુઆરી ૨૦૨૬ અંક : ૧૧ સળંગ અંક : ૧૦૨૩

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | **સંપાદકીય** | |
| | જ્યોતીન્દ્રભાઈ દવે | ૫ |
| ૨ | **વતનની ધૂળમાં પોઢેલા એક વિરલ શિક્ષક** | |
| | ઈશ્વર પરમાર | ૭ |
| ૩ | **તકસાધુ કે તક શોધક** | |
| | રણછોડ શાહ | ૧૧ |
| ૪ | **વૈરાગ્ય વૈભવનો વારસો** | |
| | કાકાસાહેબ કાલેલકર | ૧૩ |
| ૫ | **શ્રીમાન જીમ કૉર્બેટનું ભારત - પ્રકરણ-૩** | |
| | રાજેન્દ્ર દવે | ૧૬ |
| ૬ | **વંદે માતરમ્ અને સુન્દરમ્** | |
| | સુન્દરમ્ | ૨૩ |
| ૭ | **'ગાંધી વિના ગાંધી' - ગાંધીજીની લાકડી** | |
| | અમિતાબેન પાલખીવાલા | ૨૫ |
| ૮ | **શૈક્ષણિક માસિકના પ્રશ્નો અને ઉપાયો** | |
| | મનસુખ સલ્લા | ૨૮ |
| ૯ | **એક અનોખી યાત્રા : સ્વયંની સફર** | |
| | ડૉ. દિનેશકુમાર ડી. પરમાર | ૩૧ |
| ૧૦ | **''માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના સંચાલકોની ભરતી સત્તા પર સરકારનો અંકુશ - એક વિશ્લેષણ ''** | |
| | જી. એસ. દૂધરેજીયા | ૩૩ |
| ૧૧ | **વિચાર ગોષ્ઠી કાર્યક્રમ - અહેવાલ** | |
| | અશોક સોમપુરા | ૩૭ |
| ૧૦ | **શિક્ષણ સમાચાર** | |
| | અશોક સોમપુરા | ૩૯ |

**સ્થાપક તંત્રીઓ**

હરભાઈ ત્રિવેદી
રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**

જ્યોતીન્દ્રભાઈ દવે
સજુભા ઝાલા

**સહતંત્રી**

અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**

કે. ડી. પટેલ
ભૃગેશ તપોધન

**પરામર્શન**

અમિતાબહેન પાલખીવાલા

**ઘરશાળા કાર્યાલય સરનામું**

**સરસ્વતી વિદ્યામંડળ**
**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**
**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**
**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

email : gharshala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

**ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :**
બેંકનું નામ : બેંક ઑફ બરોડા
ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭
ખાતાનું નામ : ઘરશાળા માસિક
આઈ.એફ.એસ.સી. કોડ : **BARB0SARASP.** (Fifth character is zero)

# *સંપાદકીય*



- જ્યોતીન્દ્રભાઈ દવે

**ॐ ईशावास्यमिदँ सर्वं यत्किञ्च जगत्यां जगत्।**

**तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्यस्विद्धनम्॥**

ઈશાવાસ્યમ્ ઉપનિષદમાં ઋષિઓ એક મોટી શીખ આપે છે. આ સઘળું ઈશ્વરનું છે. આપણે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાનો છે. અને ખાસ અગત્યનું તો એ છે કે છેલ્લી લાઈનમાં मा गृधः कस्यस्विद्धनम् એટલે કે વાંછોના ધન અન્યનું. એવા ઈશાવાસ્યમ્ ઉપનિષદના પ્રથમ શ્લોક ઉપર ઘણું લખાયું છે અને લખી પણ શકાય પણ રોજ સવારે જ્યારે વર્તમાનપત્રોમાં આવતા શિક્ષિતોના ભ્રષ્ટાચારના સમાચારથી મન ખિન્ન થઈ જાય છે. શું આપણે આ સૌ શિક્ષિતોને એટલા માટે શિક્ષિત અને દીક્ષિત કર્યા છે? આપણા દેશમાં શિક્ષિતોની સ્થિતિ અન્ય માણસોની સરખામણીમાં સારી છે. આ વાત એટલા માટે યાદ આવે છે કે અમને કોલેજના પ્રાધ્યાપકે વિદાય સમારંભમાં આપેલું વક્તવ્ય યાદ આવે છે. - ''તમે શિક્ષિત છો અન્ય કરતાં તમારું ભવિષ્ય ઉજવળ છે. અનેક તકો છે માટે તેનો ઉપયોગ કરી કુટુંબ, સમાજ અને દેશની સેવા કરી એક નવા સમાજનું નિર્માણ કરજો.''

દેશ આઝાદ થયા પછી શિક્ષિતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ડૉક્ટર, ઍન્જિનિયર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટ તેમજ આઈ.એ.એસ. અધિકારી જેવા શિક્ષિતોનું સ્થાન દેશના વિકાસમાં મહત્વનું રહ્યું છે. પરંતુ સાથે સાથે આ સઘળા શિક્ષિતોમાંથી કેટલાક ભ્રષ્ટાચાર તરફ વળ્યા છે. આના મૂળમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણનો અભાવ જોવા મળે છે. સમાજમાં કેટલાક મૂલ્યો છે એ શાશ્વત છે. જેવા કે સત્ય, અહિંસા અને કરુણા. આ મૂલ્યોને કારણે સમગ્ર માનવજાત વર્ષોથી વિકસતી રહી છે.

આ મૂલ્યોની સાથે સાથે માનવીના જીવનમાં કેટલાય આર્થિક અને સામાજિક પરિવર્તનો આવ્યા છે. તેના ફળ સ્વરૂપે કામ, ક્રોધ, લોભ અને મોહ એ વધ્યા છે. આ વધારાના પરિપાકરૂપે ઉપભોક્તાવાદ એ ભ્રષ્ટાચારનું મૂળ છે. આ ઉપભોક્તાવાદમાં બધું જ ભોગવવું છે, પણ સાધનશુદ્ધિ રાખવી નથી. અને અણહકનું, વગર મહેનતનું અને બીજાનું ધન કે સંપત્તિ ઝૂંટવીને એક પ્રકારની અપ્રમાણિક સંગ્રહવૃત્તિ શિક્ષિતોમાં વિકસી છે. આ બધામાં માત્ર પોતાનું જીવન જ ભૌતિક સુખોથી સમૃદ્ધ રહે તેવી ઘેલછા વધી છે. જેમાં તેને જ્યારે જ્યારે

આવી તક મળે ત્યારે તે ભ્રષ્ટાચાર તરફ વળે છે. અને તે વખતે તો સાત્વિક જીવનના આનંદની વાતને તે વિસારે પાડી દે છે.

આ માટેના કારણો પણ છે. દરેક માનવી સુખ અને આનંદ તો ઈચ્છે જ છે. આ આનંદ મેળવવાનું સ્વભાવગત લક્ષણ દરેકમાં રહેલું જ છે. પરંતુ આનંદ અને સુખ માત્ર ને માત્ર સંપત્તિથી જ મળે છે, તે માન્યતા વધતી જાય છે. પરિણામે આનંદ અને સુખ મેળવવાના સાધનો માટે એક પ્રકારની દોટ શરૂ થઈ છે. એ દોટના પરિણામરૂપે માણસ ગમે તેમ કરી, અન્યનું શોષણ કરીને કે અણહક્કનું મેળવવાની વૃત્તિ તરફ વળ્યો છે. ભ્રષ્ટાચારનું મૂળ અહીંયા છે. પરિણામ એ આવ્યું છે કે કેટલા શિક્ષિતો તેમના વિશેષ સ્થાન કે સત્તાના કારણે અન્ય સમાજનું શોષણ કરી સંપત્તિ મેળવવાની દોડમાં પ્રવૃત્ત થાય છે. વધુ દુઃખની વાત એ છે કે સમાજમાં ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર થતો જાય છે. ભ્રષ્ટાચારની જગ્યાએ વહેવાર શબ્દ પ્રચલિત બન્યો છે. પરિણામે સરકારના નિયમો અને કાયદાનું શાસન રહ્યું નથી. કેટલાક ડૉક્ટર, ઍન્જિનિયર અને વકીલો વ્યવસાયિક મૂલ્યોને બાજુએ મૂકી અપ્રમાણસરની સંપત્તિ એકઠી કરવામાં તેમની સફળતા માને છે.

ભ્રષ્ટાચાર માટેની બીજી ચિંતાનો વિષય એ છે કે સંપત્તિનું કેન્દ્રીયકરણ. ધીમે-ધીમે દેશની સંપત્તિ ભ્રષ્ટાચારી વર્ગના હાથમાં આવતી જાય છે. આ દેશ અને સમાજ માટે મોટી ચિંતાનો વિષય બની શકે. પાકિસ્તાન માટે એવું કહેવાય છે કે પાકિસ્તાનની ૬૦ થી ૭૦% સંપત્તિ ત્યાંના લશ્કરી અમલદારો અને સત્તાધીશો પાસે છે. પરિણામે પાકિસ્તાનની રાજકીય વ્યવસ્થા ઉપર આ વર્ગની પકડ વધી છે અને સામાન્ય માણસ નિઃસહાય બની જીવી રહ્યો છે.

આના પરિણામે ભવિષ્યમાં વર્ગવિગ્રહ ઊભો થવાની પૂરી શક્યતા છે. ઇતિહાસમાં આવા અનેક દાખલાઓ છે. વંચિતોની ક્રાંતિ અવારનવાર નથી થતી. ભ્રષ્ટાચારના પાપનો ઘડો ભરાશે ત્યારે સામાન્યજન ચોક્કસ ક્રાંતિ કરશે.

અમે આ બાબતે એટલા માટે વધુ ચિંતિત છીએ કે હાલની શિક્ષણ પદ્ધતિ માત્રને માત્ર મસ્તિષ્કની કેળવણી છે. હૃદય અને સંવેદનાનું સ્થાન આપણે શિક્ષણમાંથી ભૂલતા જઈએ છીએ. પરિણામે માણસમાં સંપત્તિની આંધળી દોટ અને ગીધ વૃત્તિ વધતી જાય છે. શ્રમ અને પ્રામાણિકપણે ઉપાર્જન કરેલું ધન જ તંદુરસ્ત સમાજનું નિર્માણ કરી શકે.

# વતનની ધૂળમાં પોઢેલા એક વિરલ શિક્ષક

- ઈશ્વર પરમાર

એક સાંજે નગરી દ્વારકાની આથમણી દિશાએ ઘૂઘવતા સાગરની નજીકના મેદાનમાં સો-સવાસો તરુણો ટટ્ટાર બેઠા હતા. સૌ વિસર્જિત થાય તે પહેલાં 'સાહેબ' કશીક એવી વાત કહે કે જીવનભર યાદ રહે.

તે દિ' કહે : ''એક અંગ્રેજ કપ્તાન હતા. દરિયાની સફરે ઘરેથી નીકળતા જ હતા ત્યારે એમનો દસ વરસનો દીકરો હઠ લઈ બેઠો : હુંય ભેગો આવું. કપ્તાન કહે : બેટા, તું નાનો છે. બોટમાં મારે ઘણાં કામ હોય; તારું ધ્યાન બરાબર રાખી ન શકું, પછી ક્યારેક લઈ જઈશ હો ને? - પણ દીકરો માન્યો નહીં, એટલે સફરમાં સાથે લીધો. ભોગજોગે દરિયામાં તોફાન થયું. પવનના સૂસવાટા ને ઝપાટા. સ્ટીમર આમ ડૂબે કે તેમ ડૂબે... સ્ટીમરને બચાવવાની જવાબદારી તો કપ્તાનની જ હોય - પહેલેથી છેલ્લે સુધી. પોતાના દીકરાને કહી દીધું : બેટા, આ તૂતક પાસે જ ઊભો રે'જે. ખસતો નહીં, હું આવું ત્યાં લગી. લાખ પ્રયત્ન છતાં સ્ટીમર તો ડૂબવા માંડી. હતાશ કપ્તાને ખાસ્સી વાર પછી જોયું તો દીકરો તો નમતા તૂતક પર જ ઊભો હતો. જરાય ખસ્યો નહીં! બાપાની આજ્ઞાનો ભંગ કેમ કરાય? છેવટે સ્ટીમર ડૂબી ને બાપ-દીકરાએ ભેગી સમાધિ લીધી દરિયામાં!''

તરુણો આ શબ્દોના સાગરમાં ગરકાવ થઈ ગયા હતા. એમને જગાડતા હોય એમ 'સાહેબ' આગળ બોલ્યા - ''બોલો મિત્રો, આ હતું એ અંગ્રેજ બાળકનું શિસ્તપાલન. તમે આવું શિસ્ત રાખી શકો ખરા? બોલ ટપુ, તું કેવું શિસ્ત રાખે?''

''સાહેબ, માનો કે મારા બાપા ગુજરી ગયા હોય, ઘરના બધા સ્મશાને જતા હોઈએ; નનામી મારા ખભે હોય; ને તમે સામે મળો ને તમે કહો કે ટપુ, આમ આવ; તારે તો બીજા એક કામે લાગી જવાનું છે... તો હું બાપની નનામી મૂકીને તમે ચીંધો તે કામે લાગી જાઉં!'' - આવા સેંકડો ટપુઓ પોતાને ચિંધાય તે કામે હોંશે હોંશે જે સાહેબના બોલે લાગી જતા, તે વ્યાયામ-શિક્ષક હતા પ્રીતમલાલ ગાંડાલાલ કલ્યાણી. કોઈ કહે પ્રતીમ માસ્તર તો કોઈ કહે કલ્યાણી સાહેબ.

ગામના તરુણોના પ્રિયતમ શિક્ષક અને કલ્યાણકારી કાર્યકર પ્રીતમભાઈનો જન્મ દ્વારકા મુકામે તા. ૩-૬-૧૯૧૯ના થયો હતો. કિશોરવયમાં જ મા-બાપની હૂંફ ગુમાવી ચૂકેલા પ્રીતમને વહાલસોયાં બહેન-બનેવીની હૂંફ મળી. તેઓ મુંબઈનો વસવાટ છોડીને દ્વારકા રહ્યા ને ભાઈ પ્રીતમને ઉછેર્યો. આઝાદીની ઉષા પ્રગટાવવા મથતો દેશ ખુમારીથી કાળાં ઝેર પી રહ્યો હતો - તે વાતાવરણ પ્રીતમે ઝીલ્યું. રાષ્ટ્રપ્રેમ તેને ઘણા ઉધામા કરવા પ્રેરતો.

બહેન-બનેવીના પરિવારની છાયામાં નચિંત મને ઊછરતા પ્રીતમે સ્થાનિક સમાજને પોતાનો પરિવાર માન્યો; પોતાના પરિવારની ભાગ્યે જ ચિંતા કરી!

આમ છતાં પરિવારની નબળી આર્થિક પરિસ્થિતિથી, છેક અજાણ પણ નહીં. કરાંચી મુકામે મેટ્રિકની પરીક્ષા આપીને પાસ થયેલા તરુણ પ્રીતમે તરત નોકરી શોધવા માંડી. શિક્ષકની નોકરી તે કાળમાં તરતમાં મળતી. તેઓ દ્વારકાની એન. ડી. એચ. હાઈસ્કૂલમાં વ્યાયામ-શિક્ષક તરીકે જોડાયા. એ વખતે પ્રસિદ્ધ સાક્ષર શ્રી કલ્યાણરાય જોષી તે શાળાના આચાર્યપદે હતા. એમની પ્રેરણાથી તેઓ સ્કાઉટમાં પ્રવૃત્ત થયા અને ઘડાયા.

ઘડાયા તો એવા ઘડાયા ને ધીંગા કે હજારો તરુણોની દિલ-દુનિયા પર સદા એમની ધજા ફરકતી રહેતી! પ્રીતમભાઈનો પાવર-પ્રેમ! વ્યાયામ ઉપરાંત ભૂગોળ શીખવે ત્યારે વર્ગમાં નવી દુનિયા ઉઘાડે, સ્થાનિક પ્રાકૃતિક પરિસ્થિતિ સાથે તુલના કરીને વિષયને રસમય બનાવે.

પ્રીતમસાહેબ કોઈને ઉતારી ન પાડે; છતાં શિસ્તપાલન સહેલાઈથી કરાવે ને ટકાવે. એમનો પડ્યો બોલ ઝીલવા બધા વિદ્યાર્થીઓ ખડે પગે તૈયાર રહેતા. એમને 'ના' કહેવાનું ન તો મનમાં ઊગે કે ન તો હિંમત થાય!

આજે દ્વારકાના સેંકડો યુવાનો અને પ્રૌઢો જેમનું નામ બોલતાં જ નતમસ્તક થાય છે તે પ્રીતમભાઈ એક સાથે સેંકડો વિદ્યાર્થીઓને સમૂહ કવાયત કરાવતા તે મનભર દૃશ્ય જોવા વડીલો થંભી જતા.

કિશોર-તરુણોને રમતના મેદાન વિના કેમ ચાલે? કોણ બનાવી આપે તૈયાર મેદાન? અપના હાથ જગન્નાથ! પોતે પાવડો હાથમાં લીધો ને તેમને અનુસરતી વાનરસેનાએ આઠસો ચોરસ ફૂટનું મેદાન તૈયાર કરવા માંડ્યું. થોર-બાવળ કાપીને, કાંકરા-પથ્થરો કાઢીને સમથળ મેદાન રચાયું તે સાથે સૌ સંકલ્પ અને સ્વાવલંબનનો પ્રાયોગિક પાઠ શીખ્યા. એમની દોરવણી નીચે દ્વારકાના સેંકડો વિદ્યાર્થીઓ તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ રમતગમત ક્ષેત્રે ઝળહળતો યશ મેળવતા રહ્યા.

સને ૧૯૮૦માં મોસ્કો ખાતે ઓલમ્પિક રમતોત્સવ યોજાયો હતો. તે વખતે રેશિયામાં સ્થાયી થયેલા પ્રીતમસાહેબના વિદ્યાર્થી અશોક ઠાકરને ત્યાંની સરકારે વિશ્વના ખેલાડીઓને ઉદ્‌બોધન કરવાની તક આપી. એ વખતે અસીમ પ્રેમ અને આદર સાથે પોતાના પ્રિયતમ શિક્ષક પ્રીતમસાહેબનો ઉલ્લેખ કરતાં અશોકભાઈએ એમના છાત્રપ્રેમ અને પ્રેરક પ્રભાવને યાદ કર્યો હતો. આ દ્વારકાની જ નહીં, ભારતની ગૌરવઘટના ગણી શકાય.

એક વખત, વિજેતા ટીમને ટ્રકમાં બેસાડીને પ્રીતમસાહેબ પાછા આવતા હતા. ને દ્વારકાના પાદરમાં જ ટ્રક વીજળીના થાંભલા સાથે અથડાઈ પડી. ખેલાડીઓ દડાની જેમ ઊછળીને અહીં-તહીં વેરાઈ પડ્યા! પોતે ટ્રકની બોડી નીચે દબાઈ ગયા. માંડ તેમાંથી બહાર આવીને ઘાયલ વિદ્યાર્થીઓને ઈસ્પિતાલે પહોંચાડવાની તજવીજમાં પડ્યા. પાણી સુદ્ધાં ન પીધું. વાસ્તવમાં એમને પણ સખત ઈજા તો થઈ હતી; પણ તે વિસારીને વિદ્યાર્થીઓની તત્કાળ

ચાકરીમાં પડ્યા. તે પછી એમને આઠ માસ પથારીવશ રહેવું પડ્યું હતું!

પ્રીતમસાહેબે દ્વારકાને જ પોતાની કર્મભૂમિ માની. દ્વારકાથી બહાર વધુ પગારની મળતી નોકરી એમણે નકારી. ચાલુ નોકરીએ કોડીનાર બદલી થઇ. રાજીનામું આપી દીધું. એમને તો દ્વારકાની ધૂળમાં દટાવું હતું. પાંચ કિલોમીટર દૂર આવેલ વરવાળા ગામની સ્કૂલમાં થોડો સમય સાઇકલ-ફેરા કરીને નોકરી ચાલુ રાખી; પછી દ્વારકાની એ.સી.સી. કંપનીની સ્કૂલમાં જોડાયા. આ સ્કૂલમાં પગાર વધુ પણ ગામ દૂર લાગે એમને. કંપનીમાં રહીને હાયર-પ્રમોશનની તક મળે તેમ હતું. આમ છતાં પ્રિય દ્વારકાની ગોદમાં રહેવા તેઓ પચાસ રૂપિયાનો પગાર સ્વીકારીને ફરી દ્વારકાની એન.ડી.એચ. હાઇસ્કૂલમાં જોડાયા. (તા. ૨૭-૬-'૫૧) દ્વારકાના તરુણ દિલો સાથેનો તંતુ ફરી સંધાયો.

આ મુલાયમ તંતુ એવો તો મજબૂત બન્યો કે કેટલાક વિદ્યાર્થીઓ તો એમના અંતેવાસી બની રહ્યા. સાહેબની રસોઇ કરે, કપડાં ધૂવે. પોતાને ઘેર બનેલી નવીન વાનગી સાહેબ સાથે ખાય. પ્રીતમસાહેબનાં ટી.બી.ગ્રસ્ત પત્નીની તેઓ પુત્રવત્ ચાકરી કરે.

ગામની પુત્રીઓ માટે પણ પ્રીતમભાઇને ભરપૂર સદ્ભાવ. કન્યા-કેળવણીના પ્રસાર અર્થે ઓખામંડળના સાંસ્કૃતિક પિતા કલ્યાણરાય જોશીને તેમનો પૂરો સાથ રહેતો. આ પ્રયાસોથી શાળાએ આવતી કન્યાઓના વિકાસ માટે પણ તેઓ યોગ્ય પ્રવૃત્તિઓમાં તેમને સાંકળી લેતા.

એન.ડી.એચ. હાઇસ્કૂલમાંથી નિવૃત્ત થયા. (તા.૨૯-૧૦-'૭૯) ત્યાં લગી શિક્ષક તરીકે સદા કાર્યશીલ રહ્યા. તેઓ કેવળ વ્યાયામ-શિક્ષક ન હતા; તેઓ તો પોતાના પ્રત્યેક વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ ઇચ્છતા હતા. તેમની આ ઝંખનાએ આકાર તો ઘણો વેલેરો - છેક ૧૯૩૪ના અરસામાં લઇ લીધો હતો - લાઠીમંડળના રૂપમાં ! સર્વાંગી વિકાસ શાળાના અગિયારથી પાંચના સમયના ચોકઠામાં સંભવી શકે નહીં. આથી એમણે દેશ સ્વતંત્ર થયાનાં બાર વર્ષ પહેલાંના ગાળામાં એક અદ્ભુત સંગઠન રચ્યું અને તે હતું લાઠીમંડળ!

પ્રીતમભાઇએ ગામને જે મોંઘેરું સાંસ્કૃતિક પ્રદાન કર્યું તેનું માધ્યમ લાઠી મંડળ હતું. ''જીઓ તો જીઓ દેશ ઔર સ્વમાન કી રક્ષા કે લિયે'' : આ સૂત્ર ડણકતા અને જીવતા ખાદીધારી પ્રીતમભાઈએ તરુણોમાં રાષ્ટ્રપ્રેમ કેળવવા અને સામાજિક સેવા-પ્રવૃત્તિઓ હાથ ધરવા લાઠીમંડળના માધ્યમને સતત સક્રિય રાખ્યું હતું.

શિસ્ત અને સેવાનો સંકલ્પ ધરીને સો-સવાસો તરુણો નિયત મેદાનમાં સાથે હાજર થઈ જતા. મોડા પડે તે મેદાનના ચાર ચક્કર લગાવે. વ્યાયામનું પ્રતીક લાઠી એમની સાથે હોય જ. ડંબેલ્સ, મલખમ ને લાઠીના દાવ થાય અને કુસ્તીય ખરી! લાઠીમંડળમાં નાત-જાત કે અમીર-ગરીબ કે હોંશિયાર-ઠોઠના ભેદ નહોતા. બે-પાંચ બહેનો પણ એમને અનુકૂળ કાર્યક્રમોમાં ભાગ લેતાં.

લાઠીમંડળના સ્થાપનાકાળથી - ૧૯૩૪ પછીથી દર ૨૬મી જાન્યુઆરીએ ધ્વજવંદન મેદાનમાં થતું. આ અંગેની તાલીમ લેવા વિદ્યાર્થીઓને ગ્રીષ્મવર્ગમાં મુંબઇ પણ

મોકલેલા. ગાંધીજીના અવસાન (૧૯૪૮) પછી દ્વારકામાં તેમના અસ્થિ પધરાવવાનો રોમાંચક વિધિ થયેલો. તે પછી દર શુક્રવારે લાઠીમંડળમાં ભસ્મવંદનાનો કાર્યક્રમ થતો.

કેવળ કસરતી કાર્યક્રમોમાં જ પ્રીતમભાઇને રસ નહોતો. એમણે તરુણોમાં વિવિધ કસબ વિકસાવવા પ્રયત્નો કર્યા. કાંતવું-દોરડાં વણવાં ને બેન્ડ બજાવવું! બન્યું એવું કે મંડળના તરુણ સભ્યોને પોષક પલાળેલા ચણાનો ખર્ચ નિયમિત થયા કરતો; કસરત અંગેનાં કેટલાંક સાધનો પણ વસાવવાં હતાં; સામાજિક પ્રવૃત્તિ અંગે ખર્ચ થતો. આ ખર્ચને પહોંચી વળવા માટે પ્રીતમભાઈએ બેન્ડ પાર્ટી રચી. પોતે મધુર બંસી બજાવી જાણે. આ બેન્ડ પાર્ટી દસ રૂપિયામાં ફૂલેકું ફેરવી આવે! હા, પાર્ટીના કલાકારો માટે ત્રણ રૂપિયા દૂધના અલગ લેવાતા હોં!

પ્રીતમભાઇ પગપાળા પ્રવાસો યોજીને તરુણોને પૌરાણિક અને પ્રાકૃતિક સ્થળોનો પરિચય કરાવે. પક્ષીપરિચય કરવા-કરાવવાના શોખીન, ગીધનાં બચ્ચાં જોવા-દેખાડવા નિસરણી લઈને અડધી રાતે ગામબહાર આંટા મારતા હોય! આકાશદર્શન માટે પણ તરુણોને રાત્રે ગોમતી કાંઠે તેડાવે ને તરુણોની ટોળી આંખો ચોળતી નિયત સમયે-સ્થળે હાજર હોય!

નવરાત્રિ મહોત્સવ વખતે વગર વેતને વ્યવસ્થા જાળવવા પ્રીતમભાઇ સાથે લાઠીમંડળ હાજર રહેતું. સમુદ્ર વચ્ચેના ખડક પર વિરાજતા ભડકેશ્વર મહાદેવના મેળા વખતે રસ્તા તૈયાર કરતા અને લીલ પર રેતી પાથરી દેતા. ગાંધીજયંતી નિમિત્તે ગલીગલીમાં સર્વોદય-ગીતો ગૂંજવતા. લાઠીમંડળે દ્વારકાધીશના મંદિરમાં હરિજન-પ્રવેશ-કાર્યક્રમ અંગે પધારેલા રવિશંકર મહારાજ અને ઠક્કરબાપાનો પણ સત્કાર કર્યો હતો.

પ્રીતમભાઈની પ્રેરણાથી લાઠીમંડળના સભ્યો, યાત્રીઓની સુવિધા માટે ધર્મશાળાઓ વાળતા; જાહેર કૂવાઓ ગાળતા; મેલેરિયા અટકાવતી ગોળીઓ વહેંચવા નીકળતા; જાહેર સંડાસોની સફાઇ કરતા. એકવાર હરિજનોએ હડતાલ પાડી ત્યારે એ લાઠીધારીઓએ સાવરણા હાથ ધર્યા! ગાળીને પાણી ન પીતા કેટલાક લોકોને ડિલે ઘારાં થઈ આવતાં; તેમની સારવાર માટે મંડળ તૈયાર રહેતું.

તરુણોમાં સાહિત્યપ્રેમ વિકસાવવા માટે હસ્તલિખિત ‘બાલવિનોદ’નું પણ સમયાંતરે પ્રકાશન થતું. દર બુધવારે સંસ્કારમંડળમાં કાવ્યપઠન થાય.

કસરત-પ્રદર્શન જેવા કાર્યક્રમો લોકોમાં ભારે રસ જગવતા. આ કાર્યક્રમ બે-ચાર કલાક સુધી ચાલુ રહે તો તે દરમિયાન બે યુવાનો નિયત જગાએ સતત લાઠી ફેરવતા જ રહેતા - એમનો લાઠીનો ‘જંગમો’ ચાલુ જ રહેતો!

આ ‘જંગમો’ સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ પછી પણ જંપ્યો નહીં! પ્રીતમભાઇએ લાઠીમંડળને હવે હોમગાર્ડમાં ફેરવ્યું. દ્વારકા ઉપરાંત મીઠાપુર, ઓખા ને ભાટિયામાં હોમગાર્ડ શરૂ કરવા સક્રિય પ્રેરણા આપી. સને ૧૯૬૨ ને ૧૯૬૫ની ચીન-પાકિસ્તાની ચડાઈ વખતે હોમગાર્ડે તેમની આગેવાની નીચે ખરા અર્થમાં હોમને ગાર્ડ કર્યું. હોમગાર્ડની લેડિઝ વિંગની

**(અનુસંધાન પૃષ્ઠ ૧૨ ઉપર)**

# તકસાધુ કે તક શોધક

- રણછોડ શાહ

*''પ્રણયમાં ફૂલના જેવી દશા છે મારા જીવનની,*
*ચૂંટાશે તો વિંધાવાનું, બચી જશે તો ખરવાનું,*
*મળ્યું ઝાઝું તો મુંઝાયો! રહ્યો વસંતે અકળાયો,*
*અમરના ભાગ્યમાં આવ્યું બધી રીતે તડપવાનું.''*

**- 'અમર' પાલનપુરી**

સામાન્ય સંજોગોમાં મોટાભાગના લોકો તટસ્થાપૂર્વક વિચારતા હોય છે. જ્યારે વ્યક્તિને કોઈ બાબતે અભિપ્રાય પૂછવામાં આવે ત્યારે તે બંને તરફનો પૂર્ણ વિચાર કરી પોતાનો નિર્ણય જણાવતા હોય છે. પરંતુ જેની પાસે સત્તા, સંપત્તિ કે પદપ્રતિષ્ઠા હોય તેમના તરફ સામાન્યજનનો દૃષ્ટિકોણ અલગ હોય છે. તેઓ ઈર્ષા - અદેખાઈનું કેન્દ્ર બનતા હોય છે. તેમની પ્રગતિને વિધાયત્મક નજરે જોવાને બદલે ક્યારેક નકારાત્મક દૃષ્ટિએ જોવામાં આવે છે. તેઓએ અયોગ્ય રસ્તે પ્રગતિ કરી છે. તેમ વિચારવામાં આવે છે. જેને આ બધું પ્રાપ્ત થયું નથી તેઓ પોતાને 'તક' મળી નથી તેમ કહી ઈશ્વરને દોષિત ઠેરવે છે. એમર્સને સાચું જ કહ્યું છે :

*''આજ સુધી મહાન થઈ ગયેલાં*
*માણસોમાં કદાપિ, કોઈએઃ 'તક મળતી નથી'*
*એવી ફરિયાદ કરી નથી.''*

મહાન ફિલોસોફર બર્નાડ શૉ 'તક' બાબત સૌને ચેતવે છે. તેઓ 'તક'ની સમસ્યા બાબતે જણાવે છે કે 'તક' એવી મોટી મુશ્કેલી છે કે એ આવે તેના કરતાં તે જતી રહે ત્યારે મોટી લાગે છે. 'તક' શબ્દને સમજવો જરૂરી છે. તક એટલે કાર્યસિદ્ધ કરવા માટેનો યોગ્ય અવસર. તક એટલે અનુકૂળતા. તકને યોગ્ય - સંજોગો પણ કહી શકાય. લાભ થવાના સમયને ચોક્કસ જ 'તક' કહી શકીએ. પરંતુ એ સમજવાની જરૂર છે કે પ્રત્યેકના જીવનમાં ક્યારેકને ક્યારેક તો તક આવતી જ હોય છે. પરંતુ બહુ જ ઓછા લોકો યોગ્ય સમયે 'તક'ને ઝડપી લેતા હોય છે. સેમ્યુઅલ જોન્સનના મતે :

*''આવેલી 'તક' એ સુવર્ણ ક્ષણ છે,*
*આપણી શક્તિ-મર્યાદા પ્રમાણે તેને ગ્રહી લેવી,*
*એ જ જીવન જીવવાની કળા છે.''*

એક સુંદર કહેવત છે : 'ટકો મળે પણ તક નહિ મળે' - એટલે કે ધન તો ગમે ત્યારે અને ગમે ત્યાંથી મળે પણ તક મળતી નથી. તેને તો ગુમાવવી જોઈએ જ નહીં. એવું કહેવાય છે કે 'ગઈ તક જ્યોતિષી પણ વાંચી શકતો નથી. 'તક' બીજા અર્થમાં તો લાભ મેળવવાનો અવસર જ છે. માટે 'તક'નો લાભ તો લેવો જ જોઈએ. 'તક' તો સાચવવી પડે. આથી જ તો

આપણા ગુજરાતીઓ કહે છે - 'લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા ન જવાય.' કદાચ કોઈ તેને 'તકસાધુ' પણ કહે.

પ્રસંગાનુસાર સતત વિચારીને કાર્ય કરી લેવું જોઈએ. એક બીજી કહેવત પણ છે : 'તક તેવો તડકો' એટલે કે સમયાનુસાર વર્તન કરવું જોઈએ. 'તક' મળી હોય તો તેને યોગ્ય રીતે આવકારી, વધાવી લેવી જોઈએ. માટે જ તો કહેવાય છે 'તકનાં વાજા તકે જ વાગે' એટલે કે દરેક કાર્યનો યોગ્ય સમય હોય છે. તેથી જ તો મોની ક્રેઈન સૂચવે છે કે ''તમે જો નસીબની યારી જ શોધતા બેસી રહેશો તો 'તક'ને ઓળખવી મુશ્કેલ બનશે.'' બીજા અર્થમાં કહીએ તો સતત તક શોધક બનીને રહેવું જોઈએ.

'તક' બાબતે માત્ર ચર્ચા કરવાથી કાંઈ પ્રાપ્ત થશે નહીં. તકને આવકારી, સ્વીકારી અને સંપન્ન કરવાથી જ વિકાસ કરી શકાય. ડેમોસ્થનિયસે સાચું જ કહ્યું છે : ''ઘણીવાર નાની 'તક' જ મોટાં સાહસની શરૂઆત હોય છે.'' માટે જ હ્યુ એલન 'તક'ની સમજ આપતાં સૂચવે છે : ''મોટી 'તક' આવવાની રાહ જોઈ બેસી રહેવા કરતાં આવેલી નાની-નાની તકો ઝડપી લઈએ તો મુકામે ઝડપથી પહોંચાય છે.''

*કશીયે અસર કેમ થાતી નથી,*
*દુઆમાં કસર તો જણાતી નથી.*
*મને શીખવી મારી માએ કદી,*
*એ વાતો નિશાળે ભણાતી નથી.*

**— મુકેશ જોશી**

**(અનુસંધાન પૃષ્ઠ ૧૦ થી ચાલુ)**

વીરાંગના બહેનોને પ્રીતમભાઈ ગામની મહિલાઓ પાસે મોકલતા અને તેમનો નૈતિક જુસ્સો ટકાવતા.

હોમગાર્ડ દ્વારા રક્તદાન પ્રવૃત્તિ નોંધપાત્ર પ્રમાણમાં સક્રિય બની. પ્રીતમભાઇએ પોતે દસેક વાર રક્તદાન કરેલું. જરૂર પડ્યે, ગમે તે સમયે, ચાલુ વ્યાવસાયિક ફરજે કે મધરાતે, રક્તદાતાને ઇસ્પિતાલે હાજર થવાનું તેમનું ફરમાન ફળીભૂત થતું. રેડક્રોસ અને ચેતના યુવા મંડળ પણ તેમણે કાર્યશીલ રાખ્યાં હતાં.

પ્રીતમભાઈની કાર્યશૈલી એવી કે નજરે ચડે તે શક્તિશાળી વ્યક્તિની પાછળ પડીને તેમના દ્વારા સમાજનું હિત-કાર્ય થાય તેવાં 'ષડયંત્રો' રચવાં. પોતે પડદા પાછળ રહીને બીજાને પ્રકાશ આપતા રહેતા.

પ્રીતમભાઈ કેવળ કસરત-શિક્ષક નહોતા; ફોટોગ્રાફી, નાટક, જયોતિષ, પ્રાથમિક સારવાર, ટપાલટિકિટો, સમુદ્રનાં જીવજંતુ, છીપલાં, ખડક, ખગોળ : આ બધામાં એમનો અધિકૃત પ્રવેશ હતો અને તેનો લાભ વિદ્યાર્થીઓને મળતો રહેતો.

આ વતન અને રાષ્ટ્રપ્રેમી શિક્ષકનું તા. ૨૮-૯-'૮૬ના અવસાન થયું. નગર પંચાયત એમની સ્મૃતિમાં 'પ્રીતમ વ્યાયામમંદિર' રચીને સંચાલન કરે છે - આ રીતે એમને સમુચિત અંજલિ અપાઇ છે. વતનની ધૂળમાં પોઢેલા દેશપ્રેમી પ્રીતમભાઇ કલ્યાણીને દ્વારકા તો કેમ ભૂલે? એમને ઝાઝેરી સલામ!

# વૈરાગ્ય વૈભવનો વારસો

**- કાકાસાહેબ કાલેલકર**

**(ત્રણ પત્રો)**

(પશ્ચિમ હિંદમાં જે પ્રસિદ્ધ ગુફાઓ છે તેને વિશે હું એક પત્રમાળા લખવાનો હતો. તે અધૂરી જ રહી ગઈ. એક રીતે એ સારું જ છે, કેમ કે આટલું અધૂરું વાંચીને કોઈ પ્રવાસ રસિયો વીર યુવાન આ બધી ગુફાઓ જોઈ આવવા અને એને વિશે વિસ્તૃત ચોપડી લખવા પ્રેરાય... વૈરાગ્ય—વૈભવના આ આપણા વારસામાંથી જ ભાવિ વિરાટ ભારતીય જીવન ફરી જાગી ઊઠવાનું છે.)

૧

ગુફાઓ જોઈ એટલાં બધા વિચારો મનમાં આવ્યા છે કે લખવા બેસું તો એ બધા જ એકસામટા બહાર નીકળી દોડતા-કૂદતા અને એકબીજાને પાછા ઠેલતા બહાર આવવાના. પણ જેમ-તેમ એમને નોંધ્યે જ છૂટકો.

મુંબઈની આસપાસની જોગેશ્વરી, કાન્હેરી અને ઘારાપુરી ત્રણે એક જ કાળની ગુફાઓ છે કે ભિન્ન કાળની? કોણે કોતરી? શા હેતુથી કોતરી? ક્યારે કોતરી? કયા સંજોગોમાં કોતરી? તે વખતે એ ગુફાઓનો શો ઉપયોગ થયો? ક્યાં સુધી એ ચાલ્યો? ત્રણે ઠેકાણે ચાલતી પ્રવૃત્તિઓનો અંત શી રીતે આવ્યો? મુંબઈમાં રહેતાં, છતાં અને આ ત્રણે ગુફાઓ આટલી પાસે હોવા છતાં તેને વિશે આપણે કશું જ જાણતા નથી; એટલે કેવળ કલ્પનાથી જ એ કાળ અને એ દૃશ્ય પ્રત્યક્ષ કરવાનું રહ્યું.

મુંબઈ આજે એક રીતે હિંદુસ્તાનના પુરુષાર્થની રાજધાની છે, કલકત્તા કે દિલ્હી કરતાં પણ મુંબઈનું મહત્ત્વ કેટલીક રીતે ચડે છે. પરંતુ આ ગુફાઓના કાળમાં આ બધા બેટો પ્રખ્યાત હોય એમ લાગતું નથી. ઇતિહાસમાં જે કલ્યાણી નગરીનું વર્ણન આવે છે તે શું હાલનું કલ્યાણ જ હશે? અને ધીકતી કલ્યાણી નગરીની નજીકમાં સારા રૂપાળા બેટો જોઈ આ ગુફાઓ કોતરાઈ હશે? જોગેશ્વરી અને ઘારાપુરી તો ચોક્કસ સનાતની શૈવ સંપ્રદાયની ગુફાઓ છે. પણ કાનેરીની ગુફાઓ મૂળે હિંદુ ધર્મની કે બૌદ્ધ ધર્મની? ઘણા સાધુઓ એકત્ર રહે, એકત્ર ભણે, એકત્ર ચિંતન અને ચર્ચા કરે એ પ્રથા કેવળ બૌદ્ધોની હતી કે સનાતનીઓમાં પણ હતી? આજે હૃષીકેશ પાસેની ઝાડીમાં સેંકડો સંન્યાસીઓ ઝૂંપડાં બાંધીને એ જ ઢબે રહે છે. એ પ્રથા કેટલી જૂની છે? ભગવાન વ્યાસ જેટલી? આદ્ય શંકરાચાર્ય જેટલી? કે બૌદ્ધ મઠોનું તે વન્ય અનુકરણ છે?

ભગિની નિવેદિતાએ કલ્પના ચલાવી છે કે કાન્હેરી એ એક વિશ્વવિદ્યાલય હતું. જ્યારે ઘારાપુરીની ગુફાઓ મંદિર અને મઠ હતાં. એમ જ હોય તો જોગેશ્વરીની ગુફા શું તંત્રમાર્ગી કે નાથસંપ્રદાયી યોગીઓનું ધ્યાનનું સ્થાન હતું? એ ગુફાઓમાં ઊભા રહી ત્યાંના વાતાવરણમાં

ભૂતકાળને પ્રત્યક્ષ જોઈ સવાલ પૂછીએ છીએ કે 'આનું રહસ્ય કોણ કહી શકે? ખવાઈ ગયેલી પથ્થરની દીવાલો જવાબમાં કેવળ ગુંજે છે—' કોણ કહી શકે!?

કાર્લાની અને ભાજાની ગુફાઓ અહીંથી બહુ દૂર ન કહેવાય. તે વરસે તું ચિંચવડથી શિવનેરી-જુન્નર પાસેની લેણ્યાદ્રિની ગુફાઓ જોવા ગયેલો તે ગુફાઓ પણ નાણાઘાટ વાટે અહીંના પ્રદેશ સાથે જ સંબંધ ધરાવતી લાગે છે. નાશિક દેવલાલી તરફની પાંડવગુફાઓ પણ મુંબઈના રસ્તાની બાજુ પર જ છે. આ બધી ગુફાઓનો એકબીજા સાથેનો સંબંધ શો? ગુફાઓનું આ એક મોટું કુટુંબ હશે? કે એક પછી એક દીક્ષા ચલાવનારી કોઈ શિષ્ય પરંપરા?

અને અજંટા તથા વેરૂળ (ઇલોરા)ની ગુફાઓનું શું? પશ્ચિમ કિનારાની આ ગુફાઓનું પેલું વૈભવશાળી અનુકરણ છે કે અજંટા વેરૂળની ગુફાઓની ઝાંખી ફીકી પ્રતિકૃતિ—આછો અનુવાદ કરવાની દૃષ્ટિએ આ તટવાસી ગુફાઓ ખોદાઈ ગઈ છે? તું મોટો થઈશ ત્યારે આ બધું તપાસીશ?

૨

મારો છેલ્લો કાગળ મળ્યો હશે. ગુફાઓની કલ્પના માણસને ક્યાંથી સૂઝી હશે?

ઘરડામાં ઘરડા પહાડ આબુને પૂછવું જોઈએ. ત્યાં કેટલીક કુદરતી ગુફાઓ પ્રખ્યાત છે. જેમનો સંબંધ ગોરક્ષ, મચ્છંદર અને રાજા ગોપીચંદ સાથે છે. નિવૃત્તિ પરાયણ સાધુઓ ધ્યાનમાં જીવન વિતાવવા માટે આવા ગિરિકંદરો શોધતા હતા એવું પુરાણોમાં વર્ણન છે. પહાડમાં મોટું પોલાણ જોઈ તેમાં રહેવાની સગવડ શોધવાની પ્રથા હિંદુસ્તાનમાં જ નહીં, પણ દુનિયાના બધા દેશોમાં ચાલતી આવી છે. ટાઢ, વરસાદ અને તાપમાંથી રક્ષણ મેળવવા માટે ફાંફાં મારતો માણસ કે બીજું પ્રાણી ગુફાઓમાં ઘૂસે એ અત્યંત સ્વાભાવિક છે. એક વાર નૈસર્ગિક ગુફાઓનું સાધન મળ્યું એટલે એવી જ કૃત્રિમ ગુફાઓ તૈયાર કરવા મથવું એ માણસના સ્વભાવમાં જ રહેલું છે; અને માણસ એક વાર ફાવ્યો એટલે એ વસ્તુને વિશાળ, વ્યાપક અને વ્યવસ્થિત બનાવતાં એને વાર લાગતી નથી. લોકસંગીતમાંથી જેમ શાસ્ત્રસંગીત ઉદ્ભવે છે તેમ જ કુદરતી ગુફાઓમાંથી કોતરેલી ગુફાઓ સિદ્ધ થઈ છે એ અનુમાન જરાયે વધારે પડતું નથી.

ભિક્ષા, ભજન અને ધ્યાનમાં જીવન સમાપ્ત કરનાર તપસ્વીઓ હંમેશાં પાણીનો આશ્રય શોધે છે. કોઈ ઝરણું હોય, કોઈ તળાવ હોય, નદી હોય કે મહાનદી હોય, પણ પાણીની સગવડ તો જોઈએ જ. જેટલાં આશ્રમો અને શહેરો પ્રાચીન તરીકે પંકાયેલાં છે તે જળાશયને કિનારે જ છે. પછી તો ભરવાડ, ગોવાળ, શિકારી અને સાધુઓ આવાં ઝરણાંનું અને નદી—નદીનું મૂળ શોધતા જાય એમાં આશ્ચર્ય શું? અજંટાની ગુફાઓનું સ્થાન તપાસીએ. વાંકીચૂકી ટેકરીઓ વચ્ચે થઈને એક નાનકડો પ્રવાહ વહે છે. પાણી સરસ છે. આસપાસની ભૂમિ શાંત, રમણીય અને પ્રસન્ન છે. એટલે સાધુઓ ત્યાં જઈને વસ્યા. હૃદયના ઊંડાણમાં વધુ ને વધુ પ્રવેશ કરવાની ઝંખના રાખનારા કે સાધના સાધનારા સાધુઓ ખુલ્લા મેદાનમાં

નદીને કાંઠે લાંબા વખત સુધી શી રીતે રહી શકે? આ બધું પાણી ક્યાંથી આવે છે? પહાડની દરીમાં શું શું સંતાયેલું છે? એ શોધવા તેઓ ઊપડવાના જ. વાંક અને વળાંક ચડતાં ચડતાં સાધુઓ ટેકરીઓના ચકરાવાની અંદર ઘૂસ્યા, વધુ ને વધુ અંદર ઘૂસ્યા. અંતે ચંદ્રાકાર કરાડ પરથી પાણીનો ધોધ પડતો એમણે જોયો. નદીના મૂળ સુધી તેઓ પહોંચ્યા. શી એ સ્થાનની ભવ્યતા! જાણે કુદરત શાંતિની દીક્ષા આપવાની તૈયારીમાં છે. અહીં જ રહી જઈએ તો? નિર્ભય સાધુઓએ એ નિર્જન પ્રદેશમાં વાસો કર્યો. અગવડો વેઠવી એ તો એમને મન ઉજાણી. વાઘ, વરુ કે બીજાં જનાવરો કવિ કિપ્લિંગના મોગલી (Mogli) સાથે જે આત્મીયભાવે રહેતાં તે જ ભાવે આ સાધુઓ સાથે પણ રહેવાનાં.

માણસના સ્વભાવની કેવી વિચિત્રતા! એને સમાજ કરીને રહેવાનું પણ સૂઝે છે અને સમાજનો ત્યાગ કરી એકાંત સેવવાનું પણ મન થઈ આવે છે; અને એથીયે વિચિત્ર વાત તો એ કે એકાંતના રસિયા બે-ચાર ભેગા થયા એટલે એકાંતને અખંડ વખાણતા વખાણતા ચોવીસે કલાક સાથે રહેવાના! નહીં તો અલખ નિરંજનનું ધ્યાન લગાવનાર બાવાઓનો અખાડો કેમ જામે?

આવા સાધુઓએ અજંટામાં ભેગા થઈ પહેલાં તો ગુફાઓ શોધી હશે. એના બદલામાં કિલ્લાની દીવાલ જેવી અંતવૃત્ત ચંદ્રાકાર કરાડ જોઈ એમાં ગુફાઓ કોતરવાની હામ ભીડી. નિવૃત્તિ માર્ગીઓની પ્રવૃત્તિ વધી પડી. પાષાણનું હૃદય કોતરાયું અને ત્યાં હૂંફાળી ગુફાઓ તૈયાર થઈ.

આ સાધુઓ નિર્વાણની શોધમાં ભલે ભેગા થયા હોય, પણ અસલના તો કારીગરો હોવા જોઈએ. રાજાઓના મહેલ બાંધવાનું કામ તેમણે છોડી દીધું; પણ ધર્મરાજ તથાગતની સેવાથી તેઓ કેમ અટકી શકે? જે કલાસમૃદ્ધિ સ્વાર્થથી તેમણે રાજપ્રાસાદમાં વેરી હોત તે જ અહીં વિહારમાં તેમણે ઠાલવી દીધી. રાજવી વિજય સિંહલદ્વીપને જીતવા જાય છે; ઈરાનના એલચીઓ પુલકેશીના દરબારમાં આવે છે; અપ્સરાઓ અને યક્ષકિન્નરો ધર્મચક્ર ચાલુ થયાનો આનંદ ગાય છે; એવાં એવાં અનેક ચિત્રો એમણે ગારાની છોમાં ચીતરી કાઢ્યાં. એ ઉત્સવ જોવા કોણ કોણ ભેગા થયા હશે? ગરીબ-તવંગરોની કે એવી બીજી કૃત્રિમ ન્યાતો તે વખતે પડી નહોતી, એટલે રાજા અને રંક, બાળકો અને પંડિતો, સતીઓ અને ગણિકાઓ, કઠોર તપસ્વીઓ અને રસિયા વિલાસીઓ બધાં જ ઊમટ્યાં હશે.

વેરૂળની ગુફાઓ અજંટા પછી તૈયાર થઈ લાગે છે. અજંટામાં લાલિત્ય વધારે છે, વેરૂળમાં ભવ્યતાનો ઉન્માદ છે. અજંટામાં ધ્યાનવીરો રહેતા હશે, જ્યારે વેરૂળમાં વિદ્યાવીરો જ્ઞાનનાં અનેક ક્ષેત્રો ખેડતા હશે. બહારની દુનિયા જોવા આવે તો અજંટા તેને સહન કરશે; જ્યારે વેરૂળ તો બહારની દુનિયા ન આવે તો એને નોતરશે.

૩

કાર્લાની ગુફાઓ તેમ જ નાશિકની ગુફાઓ અજંટાના વલણની છે. વચમાં એક વિશાળ

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# શ્રીમાન જીમ કૉર્બેટનું ભારત - પ્રકરણ-૩

- રાજેન્દ્ર દવે

સમકાલીન ભારતની પ્રથા અનુસાર કુંતી અને હર્કવારના લગ્ન, બન્નેની ઉંમરનો સરવાળો બે આંકડે પણ નહોતો પહોંચ્યો તે પહેલાં થઇ ગયાં હતાં (મહાત્મા ગાંધી તથા મીસ મેયોના પ્રયત્ન વિના, આ પ્રથા કદાચ અર્વાચીન ભારતમાં પણ પ્રચલિત હોત!) કુંતી અને હર્કવાર ઊંચા પર્વતીય પ્રદેશની તળેટીમાં એકબીજાની નજીકમાં આવેલાં ગામમાં ઉછર્યા હતાં. અચાનક એક દિવસ જ્યારે નવાં, રંગબેરંગી વસ્ત્રથી સુશોભિત આ બન્ને બાળકો થોડા સમય પૂરતાં બેઉ કુટુંબના સેંકડો સગાં-સંબંધી તથા મિત્રોની વચ્ચે ઉજવણીના કેન્દ્ર સમાન બની રહ્યાં, ત્યાં સુધી તેઓ એકબીજાને કદી મળ્યાં પણ ન હતાં. બન્નેની આખી જિંદગી માટે આ દિવસ સાથે જોડાયેલું સૌથી આનંદદાયક સ્મરણ તેમને તે દિવસે પેટ ભરીને મળેલું શીરો-પુરીનું જમણ હતું. બેઉ બાળકોના માતા-પિતા માટે પણ આ દિવસ ખાસ હતો. તેઓ પોતાના બાળકોને વિવાહ-યોગ્ય ઉંમરમાં, ગામના પુરોહિતે શોધી આપેલા શુભ-મુહૂર્તના સમયે પરણાવી શક્યા હતાં. ભલું થજો પેલા માવતર સમાન વાણિયાનું, જેણે પ્રસંગની અગત્યતા સમજી, પોતાના ચોપડામાં જરૂરી નોંધ કરી, ટાણે પૈસાની વ્યવસ્થા કરી આપી! પચાસ ટકા વ્યાજ થોડું વધારે તો કહેવાય, પણ ભગવાનની દયાથી તે પણ ધીરે-ધીરે ચૂકવાઈ જશે. બન્ને કુટુંબના બીજા બાળકોના વિવાહ હજુ બાકી હતાં. આવી સ્થિતિમાં વાણિયા સિવાય કોણ મદદ કરી શકે?

લગ્ન પછી થોડાં વર્ષ સુધી કુંતી પોતાના પિતાના ઘરે જ રહીને એક ગરીબ કુટુંબનું બાળક કરે તેવા બધા કામ કરતી રહી. બદલાયો, તો માત્ર તેનો પહેરવેશ. કુંવારી બાળકીનો પહેરવેશ ત્યજી કુંતીએ ચોળી, ચણિયો અને કાપડું અપનાવ્યાં. આવાં, થોડાં, નિર્દોષ અને આનંદદાયક વર્ષો બાદ કુંતીનો પોતાના પતિને ઘરે જવાનો સમય આવી પહોંચ્યો. ફરી એક વાર વાણિયો કુંતીના પિતાની મદદે આવ્યો અને કુંતી માટે નવા કપડાંની જોડ આવી ગઈ. નવા કપડાં પહેરી, રોતી, કકળતી કુંતી પોતાના બાળ-પતિના ઘરે આવી પહોંચી. પણ આ ફેરફારથી તેના રોજીંદા જીવનમાં કોઈ ખાસ ફેર ન પડ્યો. જે બધાં કામ તે પોતાના પિતાને ત્યાં કરતી હતી, તે પતિના ઘરે પણ કરતી રહી.

હર્કવારના પિતા અમેરિકન મીશન સ્કૂલમાં દેવળના બાંધકામ પર કડિયાકામ કરતા. હર્કવારની મહેચ્છા પોતાના પિતાનો હુન્નર અપનાવવાની હતી. કડિયાકામમાં હાથ બેસે ત્યાં સુધી હર્કવાર પોતાના પિતા માટે માલ-સામાન, કુટુંબના ભરણ-પોષણમાં પોતાનો હિસ્સો આપતો. રોજના દસ કલાકની મહેનતના અંતે તેને બે આના મજૂરી મળતી. કુંતી હવે રસોઈ બનાવવામાં મદદ કરી શકે તેટલી મોટી થઈ ગઈ હતી. સવારના શિરામણના વાસણ સાફ કરી, તે પોતાની સાસુ, નણંદ અને ગામની બીજી સ્ત્રીઓ સાથે મુખીના ખેતરમાં પાકની લણણી કરવા જતી.

પોતાના પતિ જેટલાં જ કલાકની મહેનતનું મહેનતાણું કુંતીને તેના કરતાં અડધું જ મળતું. ભારતના ગરીબ કુટુંબમાં આળસુ વ્યક્તિનું કોઈ સ્થાન નથી. અબાળ-વૃદ્ધ સૌ પોતાના ભાગે આવતા કામ કોઈ ફરિયાદ વગર કરતાં રહે છે. મુખીએ હર્કવારના પિતાને પોતાની જમીન પર એક ઝૂંપડી બનાવવાની પરવાનગી આપી હતી. સમી સાંજે, આખા દિવસની તનતોડ મહેનતને અંતે, કુંતીનું કુટુંબ આ ઝૂંપડી તરફ વળતું. દિવસ દરમિયાન કુટુંબના બાળકોએ એકઠાં કરેલાં લાકડાંનો ચૂલો પેટાવી કુટુંબની સ્ત્રીઓ વાળુ રાંધતી. ચૂલા સિવાય ઝૂંપડીમાં બીજો કોઈ પ્રકાશનો સ્રોત ન હતો. તેથી વાળુના વાસણ સાફ થઈ પોતાની જગ્યાએ ગોઠવાઈ જાય કે તુરત જ કુટુંબનો દરેક સભ્ય, પોત-પોતાની જગ્યાએ પથારી પાથરીને ઊંઘી જતો - હર્કવાર પોતાના પિતા તથા ભાઈની સાથે એક ઓરડામાં અને કુંતી પોતાની સાસુ અને નણંદ સાથે બીજા ઓરડામાં.

આ ક્રમ હર્કવાર અઢાર અને કુંતી સોળ વર્ષની થઈ ત્યાં સુધી ચાલ્યો. છેવટે આ દંપતીએ હર્કવારના પિતાનું ઘર છોડી, પોતાનું અલગ ઘર વસાવવાનો નિશ્ચય કર્યો. પોતાની પાસે રહેલો થોડો ઘણો સામાન સાથે લઈ, તેઓએ રાણીખેત છાવણીથી ત્રણ માઈલ દૂર વસેલા એક ગામમાં, હર્કવારના મામાએ આપેલા જમીનના એક ટુકડા પર ઝૂંપડી બાંધી, પોતાનું ઘર વસાવ્યું. તે સમયે રાણીખેતમાં સૈનિકો માટે બરાક બાંધવાનું કામ પુરજોશથી ચાલી રહ્યું હતું, તેથી હર્કવારને કડિયાકામ અને કુંતીને ખાણમાંથી પથ્થર ઉપાડી લાવવાનું કામ સહેલાઈથી મળી ગયું.

દંપતીને રાણીખેતમાં બાંધકામની જગા પર કામ કરતાં ચાર વર્ષ વીતી ગયાં. દરમિયાન, તેઓ બે બાળકના માતા-પિતા પણ બન્યા. ચોથા વર્ષના નવેમ્બર માસમાં છાવણીનું બાંધકામ પૂરું થઈ જતાં પતિ-પત્ની બેઉ બેકાર બની ગયા. નાની આવકમાં બચતની તો કોઈ ગુંજાશ જ નહોતી, તેથી બન્ને માટે તાત્કાલિક નવું કામ શોધવાની નોબત આવી.

તે વર્ષે કડકડતી ઠંડી સાથે, શિયાળો જલદી બેઠો. નવી મજૂરી શોધવા માટેની એકાદ અઠવાડિયાની નિષ્ફળ મહેનત બાદ, હર્કવારે ઊંચાઈ પરની ઠંડીથી બચવા તળેટીની ટેકરીઓ તરફ, જ્યાં નહેરના બાંધકામ પર મજૂરી મળવાની આશા હતી, ત્યાં હિજરત કરવાનો નિશ્ચય કર્યો. આમ, ડિસેમ્બર માસની શરૂઆતમાં, આશાભર્યું આ કુટુંબ, તળેટી તરફની લાંબી યાત્રા પર પગપાળાં નીકળી પડ્યું. રાણીખેત પાસેના તેમના ગામથી જ્યાં નહેરનું કામ ચાલી રહ્યું હતું, તે કાલાધૂંગી પાસેની જગા પચાસ માઈલ દૂર હતી. પર્વતાળ, ઉબડખાબડ સડક પર પોતાની ઘરવખરી તથા બાળકોની સંભાળ રાખીને ચાલતું અને રાત્રે ખુલ્લામાં ઝાડ નીચે સુતું આ યુવાન દંપતી, છ દિવસની સફર બાદ, થાકેલું-પાકેલું કાલાધૂંગી પહોંચ્યું. પહોંચીને જુએ છે કે અહીં તો પહેલેથી જ ઊંચાઈ પરથી ઘણા કુટુંબ શિયાળો ગાળવા પહોંચી ગયા હતાં અને ત્યાં ત્રીસેક કુટુંબનો સમાવેશ થાય તેવી ઝૂંપડીઓની એક વસાહત બની ગઈ હતી. કમનસીબે, આ વસાહતમાં હર્કવાર અને કુંતીને જગ્યા ન મળી. તેથી તેમણે જંગલના કિનારે, જ્યાં બળતણ માટે લાકડાં સહેલાઈથી મળી શકે એમ હતું અને જ્યાંથી બજાર બહુ દૂર ન હતું, તેવી જગાએ ઝૂંપડી બનાવવાનું નક્કી કર્યું. આટલી લાંબી બેકારી પછી તેમની પાસે કોઈ ખાસ રોકડ બચી ન હતી. સંકટ સમયે મદદ કરી શકે તેવો

વાણિયો પણ વતનથી આટલે દૂર ક્યાંથી મળે? તેથી દંપતીએ જાતે, ડાળાં-પાંદડા ભેગા કરી પોતાની ઝૂંપડી બનાવી.

જેના સીમાડે કુંતી અને હર્કવારે તેમની ઝૂંપડી બનાવી, તે જંગલ શિકાર કરવા માટેનું મારું પ્રિય જંગલ હતું. હું તે જંગલમાં સૌ પ્રથમ વાર, મારા બાળપણમાં, જેમાં નાળ બાજુથી કારતૂસ ભરવા પડતાં હતાં, તેવી જૂની બંદૂક વડે વનમોરનો શિકાર કરવા પ્રવેશ્યો હતો. ત્યાર પછી તો આધુનિક બંદૂક લઈ, મોટાં શિકારની શોધમાં મેં આ જંગલનો ખૂણે-ખૂણો ખૂંદી કાઢ્યો હતો. હું ખાતરી સાથે કહી શકું કે જ્યારે ત્રણ વર્ષના પુનવા અને અને બે વર્ષની પૂતળીને લઈ, હર્કવાર તથા કુંતી આ જંગલના સીમાડે રહેવા આવ્યાં, ત્યારે તે જંગલમાં પાંચ વાઘ, આઠ દીપડા અને ઊંચા પર્વત પરથી જાંબુ તથા મધ ખાવા આવેલું ચાર સભ્યોનું હિમાલયના રીંછનું કુટુંબ રહેતાં હતાં. ઉપરાંત, આ જંગલ, દીપડાના મારણમાં ભાગ પડાવતા નિશાચર જરખ, જંગલી કુતરાં, શિયાળ, વરુ અને જંગલી બિલાડીથી ભર્યું પડ્યું હતું. આટલું ઓછું હોય તેમ, જંગલમાં અજગર, ઝેરી સાપ, ગરુડ અને ગીધનો પણ તોટો ન હતો. આ યાદીમાં મેં જંગલમાં વસતા અગણિત હરણ, સૂવર અને વાંદરા જેવા બીજાં, માનવ માટે નિરુપદ્રવી પ્રાણીનો ઉલ્લેખ નથી કર્યો, કેમ કે તેમનો આપણી વાત સાથે કોઈ સંબંધ નથી.

તેમની તકલાદી ઝૂંપડી બની ગઈ તેના બીજા જ દિવસે હર્કવારને આઠ આના રોજના વેતનથી કુશળ કડિયા તરીકે નહેરનું બાંધકામ કરતા ઠેકેદારને ત્યાં નોકરી મળી ગઈ. બીજી તરફ કુંતીએ બે રૂપિયા ખર્ચી જંગલ ખાતા પાસેથી તળેટીથી ટેકરીઓ પરનું ઘાસ કાપવાનો પરવાનો લીધો. પોતે કાપેલા ઘાસનો ૮૦ શેર વજનનો પૂળો માથે ઉપાડી, ઊંચી ટેકરીઓ વચ્ચે ઉબડખાબડ રસ્તા પર, ચૌદ માઈલ ચાલી, કુંતી બજારમાં પશુ-ચારાના વેપારીને વેચતી ત્યારે તેને ચાર આના મળતાં. તેની આ મજૂરીમાંથી ઘાસ વેચવા માટેના સરકારી ઠેકેદારનો એક આનો ભાગ રહેતો. સોંઘવારીના તે સમયમાં હર્કવારના આઠ આના અને કુંતીના ત્રણ મળીને રોજના અગિયાર આના પર ચાર સભ્યના આ કુટુંબનો ગુજારો આરામથી ચાલી જતો. જીંદગીમાં પહેલી વખત, તેઓ મહિનામાં એકાદ વખત માંસનું જમણ પણ માણી શકતાં.

શિયાળાના જે ત્રણ માસ કાળઢુંગીમાં કાપવાનો વિચાર હતો, તેમાંથી બે માસ તો હર્કવાર અને કુંતીએ શાંતિથી પસાર કરી લીધા. આખો દિવસ કરવી પડતી કમરતોડ મહેનતથી તો બેઉ બાળપણથી જ ટેવાયેલા હતાં. કાલઢુંગીની હુંફાળી હવામાં બાળકો સ્વસ્થ રહેતાં અને ઝૂંપડી બનતી હતી તે સમયને બાદ કરતાં તેઓને ક્યારે પણ ભૂખ્યા સૂવાની નોબત આવી નહોતી.

બન્ને બાળકો એટલા નાના હતાં કે તેઓ ન તો હર્કવારની સાથે નહેરના બાંધકામ પર જઈ શકે કે ન તો કુંતીની સાથે ઘાસની શોધમાં માઈલો રખડી શકે. તેથી દંપતીને શરૂઆતમાં બાળકોને એકલા છોડી કામ પર જવાની ચિંતા રહેતી. પરંતુ થોડા સમય બાદ પાસે રહેતી એક અપંગ વૃદ્ધાએ બાળકોનું ધ્યાન રાખવાનું સ્વીકારી તેમની ચિંતા દૂર કરી. આ ક્રમ બે માસ તો બરોબર ચાલ્યો. દરરોજ સાંજે, પહેલાં ચાર માઈલ દૂર આવેલી નહેર પરથી હર્કવાર, અને થોડા સમય બાદ બજારથી કુંતી ઘરે પાછી ફરે ત્યારે તેમને પુનવા અને પૂતળી તેમની આતુરતાથી રાહ જોતા મળતાં.

કાલાધૂંગીમાં દર શુક્રવારે હાટ ભરાતું. તે દિવસે આસપાસના ગામના લોકો લાગેલી હાટડી પર સસ્તાં શાકભાજી, ફળ અને ખાવા-પીવાની બીજી વસ્તુ ખરીદવા ઉમટી પડતાં. હાટના દિવસે હર્કવાર અને કુંતી પણ પોતાના કામથી અર્ધો કલાક વહેલા પરવારી, હાટ બંધ કરવાના સમયે, બચેલા શાકભાજી અને બીજી વસ્તુ સસ્તા ભાવે ખરીદવા પહોંચી જતાં.

આવા એક શુક્રવારની સાંજે હર્કવાર અને કુંતી થોડાં શાકભાજી અને થોડું બકરીનું માંસ ખરીદી પાછા ફર્યા ત્યારે તેમને આવકારવા પુનવા અને પૂતળી દેખાયા નહીં. બાળકોની સંભાળ રાખતી વૃદ્ધાએ તેમને બપોર પછી જોયાં ન હતાં. આસપાસના બાળકોને હાટમાં લાગેલા ચકડોળનું ભારે આકર્ષણ હતું. કદાચ પુનવા અને પૂતળી પણ ચકડોળ જોવા હાટ બાજુ ગયાં હોય? હર્કવારને વૃદ્ધાની આ વાત ગળે ઉતરી અને કુંતીને સાંજનું જમવાનું બનાવતી મૂકી તે હાટમાં બાળકોને શોધવા નીકળ્યો. એકાદ કલાક બાદ હર્કવાર ખાલી હાથે ઘરે પાછો ફર્યો ત્યારે તેની સાથે હાટમાં બાળકોને શોધવામાં જેમણે મદદ કરી હતી તેવા બીજા માણસો પણ હતાં. તે બધાની મહેનત પછી પણ હાટમાં બાળકોના કોઈ સગડ મળ્યાં ન હતાં. ત્યાં કોઈએ બાળકોને જોયાં પણ ન હતાં.

આ સમયે સમગ્ર ભારતમાં હિન્દુ બાળકોનું અપહરણ કરી તેમને ઉત્તર-પશ્ચિમના સરહદી પ્રાંતમાં વેચી દેતા ફકીરો બાબતની અફવાનું ખૂબ જોર હતું. અફવા કેટલી સાચી હતી એ તો ઈશ્વર જાણે, પણ અફવાના આધારે થતી મારપીટથી પોલીસે કોઈ ફકીરને બચાવ્યો હોય તેવા સમચાર અખબારમાં વારંવાર વાંચવા મળતાં. આખા ભારતની માફક અમારા ગામે પણ આ અફવા સાંભળી હતી. રખે ને આવા ફકીર બજારમાં આવી બાળકોને ઉપાડી ગયા હોય! બાળકોની નિષ્ફળ તપાસ પછી હર્કવાર અને કુંતીના મિત્રોએ પોતાની સાહજિક શંકા વ્યક્ત કરી.

ગામના છેવાડે, એક જમાદાર અને બે સિપાહીવાળું, એક પોલીસ થાણું હતું. હિતેચ્છુઓના મોટા ટોળા સાથે હર્કવાર અને કુંતી પોતાની ફરિયાદ લઈ ત્યાં પહોંચી ગયા. ભલા, ઉંમરલાયક જમાદારે ચિંતાથી બેબાકળા થઈ ગયેલા માતા-પિતાને શાંતિથી સાંભળી, તેમની ફરિયાદ નોંધી લીધી - છેવટે એ પણ એક પિતા હતો! આટલી મોડી રાત્રે વિશેષ તો કશું થઈ શકે તેમ ન હતું. સવાર થતાં જ કાલધુંગી પંથકના પંદર પૈકી દરેક ગામમાં ઢોલ પીટાવી બાળકોના ગુમ થવાની જાહેરાત કરવાનું તેણે વચન આપ્યું. સાથે-સાથે જો બાળકોને શોધીને આપનારને પચાસ રૂપિયાના ઈનામની જાહેરાત થાય, તો વધુ સારું. પચાસ રૂપિયા? હર્કવાર અને કુંતીને તો આખી દુનિયામાં કુલ મળીને પણ આટલા બધા પૈસા હોઈ શકે, તે વિષે જ શંકા હતી! પરંતુ, ટોળામાં હાજર એક દયાળુ સજ્જનને જમાદારનું સૂચન ગળે ઉતર્યું અને તેમની મદદથી, ઢોલી બાળકોની ભાળ આપનારને પચાસ રૂપિયાના ઈનામની જાહેરાત કરી શક્યો.

તે રાત્રે જમવાનું તો ગળે ક્યાંથી ઉતરે? બાળકોની પાછા ફરવાની આશા નહીંવત હોવા છતાં, તેમના માટે જમવાનું અલગથી ઢાંકી, હર્કવાર અને કુંતી આખી રાત સગડીનો દેવતા પેટાવી, થોડી-થોડી વારે, કડકડતી ઠંડીમાં બહાર નીકળી પોતાના બાળકોને બોલાવતાં રહ્યાં.

કાલાધૂંગી પાસે બે સડક એકબીજાને કાટખૂણે મળે છે, એક ટેકરીઓની ધારે-ધારે જતો હલ્દ્વાની-રામનગરનો રસ્તો અને બીજી નૈનિતાલથી બાઝપુર જતી સડક. જો કોઈ ફકીર

બાળકોને ઉપાડી ગયો હોય, તો તેણે હલ્દ્વાની-રામનગરનો રસ્તો પકડ્યો હોવો જોઈએ. તેથી, તે શુક્રવારની રાત્રે, બાળકોની રાહ જોતાં-જોતાં હર્કવાર અને કુંતીએ નક્કી કર્યું કે જો સવાર થતાં પહેલાં બાળકો પાછા ન ફરે તો તેઓ પોતે આ રસ્તા પર તપાસ કરવા નીકળશે. શનિવારની સવારે બેઉએ થાણા પર જઈ જમાદારને પોતાનો વિચાર જણાવ્યો. જમાદારે તેમને હલ્દ્વાની અને રામનગરના થાણામાં પણ ફરિયાદ નોંધાવાની સલાહ આપી. ભલા જમાદારે તેમને એ પણ ધરપત આપી, કે તે પોતે, એક હલકારા સાથે હલ્દ્વાનીના પોલીસ ઈન્સ્પેક્ટરને પત્ર મોકલી બધા રેલ જંકશન પર આ બાબતના ટેલિગ્રામ મોકલાવની વિનંતી કરવાનો હતો.

તે દિવસે ઢળતી સાંજે કુંતી ૨૮ માઈલની પગપાળા સફર બાદ હલ્દ્વાનીથી પાછી ફરી અને બાળકોના સમાચાર જાણવા સીધી પોલીસ થાણે પહોંચી. પોતાની સફર દરમિયાન તેણીને બાળકોના તો કોઈ ચિહ્ન દેખાયા ન હતા, હા તેણીએ, હલ્દ્વાનીના પોલીસ થાણે ફરિયાદ જરૂર નોંધાવી હતી. થોડા સમય બાદ હર્કવારે પણ પોતાની ૩૬ માઈલની સફર બાદ પોલીસ થાણે પહોંચીને આવો જ અહેવાલ આપ્યો. ઘરે હર્કવાર તથા પુનવાની માને (ભારતમાં પ્રચલિત રિવાજ મુજબ લગ્ન બાદ કુંતીની ઓળખ તેના પોતાના નામની જગ્યાએ હર્કવારની પત્ની અને પુનવાના જન્મ બાદ પુનવાની મા તરીકે જ રહી ગઈ હતી.) સાંત્વના આપવા દંપતીના મિત્રો હાજર હતાં.

રવિવાર પણ શનિવારની જેમ જ વિત્યો. ફરક માત્ર એ હતો કે પૂર્વ-પશ્ચિમ માર્ગને બદલે, કુંતીએ ઉત્તરમાં જઈ નૈનીતાલની ૩૦ માઈલની અને હર્કવારે દક્ષિણ દિશામાં જઈ બાઝપુરની ૩૨ માઈલની સફર કાપી. ડાકુ અને જંગલી જાનવરના ભયથી જે રસ્તે એકલા જવાની તેઓ ધોળાં દિવસે પણ હિંમત ન કરે, તેવા ગાઢ જંગલમાંથી પસાર થતાં, તૂટેલા-ફૂટેલા રસ્તે, પોતાના બાળકોની ભાળ મેળવવા આતુર થયેલું આ દંપતી વહેલી સવારે ઘરેથી નીકળી મોડી રાત્રે ભૂખ્યું અને થાક્યું, ખાલી હાથે પાછું ફર્યું.

ઘરે પહોંચતાં સમાચાર મળ્યાં કે પોલીસની તપાસ અને આસપાસના ગામમાં ઢોલ પીટીને કરેલી જાહેરાતનું કોઈ પરિણામ હજુ સુધી મળ્યું ન હતું. પોતાના બાળકોને પાછા મેળવવાની બધી આશા ગુમાવી બેઠેલું આ દંપતી હવે હિંમત હારી ચૂક્યું હતું. આ ભોળા દંપતીને સમજાતું ન હતું કે પોતાના કયા પાપની સજા મળી રહી છે. તેઓએ તો ગોર મહારાજ પાસે મુરત કઢાવીને જ પોતાના ગામથી કાલાધૂંગીની મુસાફરી શરૂ કરી હતી. વળી, રસ્તામાં આવતા દરેક મંદિર અને સ્થાનક પર દેવતાને ફૂલ, કાપડ અને કોઈક જગાએ તો પૈસાનો પણ ભોગ ચઢાવી પૂજા કરી હતી. કાલાધૂંગીમાં પણ જતાં-આવતાં, દરેક મંદિરે તેઓ જરૂર હાથ જોડતાં. તેઓએ કદાપિ કોઈનું પણ અહિત નહોતું ઈચ્છ્યું. તો પણ, કોણ જાણે દૈવ તેમના પર કેમ રુઠ્યું હતું!

સોમવારની સવાર પડી. પણ, હતાશ અને થાકેલું દંપતી પોતાની ઝૂંપડીમાંથી બહાર નીકળવા જ તૈયાર ન હતું. બે દિવસથી કામ પર ગયા ન હોવાથી ઘરમાં અનાજનો દાણો પણ ન હતો. જેમના માટે હૈયું હળવું રાખી, આનંદપૂર્વક, સવારથી સાંજ સુધી તનતોડ મહેનત કરતા, તે બાળકો તો ચાલ્યા ગયા. હવે કોના માટે કામ પર જવાનું? ઝૂંપડીના બારણે

શૂન્ય મને હર્કવાર અને ઝૂંપડીના ખૂણામાં સૂકાઇ ગયેલા આંસુવાળી આંખો સાથે કુંતી, પડોશી અને મિત્રોની સાંત્વના સાંભળતા, ભગ્ન હૃદયે બેસી રહ્યાં.

તે સમોવારે મારો પરિચિત એક માણસ જંગલી પશુ-પક્ષીથી ભરપૂર તેવા જંગલમાં, પતબપુર ગામના મુખીના ભેંસના ધણને ચરાવવા ગયો. સાંજે પોતાના ધણને ભેગું કરી આ ભોળો ગોવાળ ગાઢ જંગલમાંથી પસાર થતી કેડી પકડી ગામ તરફ આવવા નીકળ્યો. રસ્તામાં, એક જગાએ તેણે જોયું કે ધણની દરેક ભેંસ ત્યાંથી પસાર થતી વખતે પોતાની જમણી તરફ માથુ ફેરવીને જોતી અને જ્યાં સુધી પોતાની પાછળ આવતી ભેંસનો ધક્કો ન લાગે ત્યાં સુધી, તે જગા પર જ ઊભી રહેતી. તેણે પોતે પણ તે જગા એ પહોંચી કુતુહલપૂર્વક જમણી તરફ જોયું. ત્યાં પાસે જ, એક ખાડામાં, બે નાના બાળકો પડ્યાં હતાં.

આમ તો શનિવારે, જ્યારે ગામમાં ઢોલ પીટીને બાળકો ખોવાઇ ગયાની જાહેરાત થતી હતી, ત્યારે આપણો આ ગોવાળ જંગલમાં ભેંસ ચરાવી રહ્યો હતો, પણ એ રાતે અને તેના પછીની રાતે કાલધુંગી પંથકના દરેક ગામમાં તાપણાની આસપાસ થતી ચર્ચામાં, બાળકોના ગુમ થયાની વાત મુખ્ય હતી. તેથી ગોવાળ સમજી ગયો કે આ એ જ બાળકો હતાં, જેમને શોધી લાવનાર માટે પચાસ રૂપિયાનું ઈનામ જાહેર થયું હતું. સ્પષ્ટ રૂપે, સાવ નગ્ન હાલતમાં એકબીજાને બાથ ભરી પડેલા બાળકો જીવતા નહોતાં. તેમનું ખૂન કરનારે તેમના શરીર આવી જગ્યાએ શા માટે છોડી દીધાં હશે તે વિશે વિચાર કરતો ગોવાળ ખાડામાં ઊતર્યો. કદાચ તે બાળકોના મરણનું કારણ જાણી શકે! ગોવાળ પાસે જઈને જુએ છે કે બાળકોના શ્વાસ તો ચાલતા હતાં! તેઓ ગાઢ નિંદ્રામાં જરૂર હતાં, પણ હતાં જીવતા! હવે તેની સામે ધર્મસંકટ હતું. એક બ્રાહ્મણ થઈ તે આ અછૂત બાળકોને શી રીતે સ્પર્શી શકે? છેવટે તેનામાં છૂપાયેલા પિતાના જીવની જીત થઈ. તેણે ધીમેથી ઢંઢોળી, બાળકોને જગાડ્યાં. અશક્ત બાળકો ચાલી શકે તેમ ન હતાં તેથી ગોવાળે તેમને પોતાની ભેંસોને ગામનો રસ્તો જાતે શોધી લેવા છોડી દીધી અને પોતે બન્ને બાળકોને ખભા પર ઉપાડી, કાલાધૂંગીના બજારની વાટ પકડી. હિમાલયની તળેટીની ટેકરીઓમાં રહેતા સૌ કોઈની માફક આપણો ગોવાળ પણ મેલેરિયાનો શિકાર હતો. તેનામાં બે બાળકોને ઉપાડી, કોતર અને ઝાડીવાળા ઉબડખાબડ રસ્તા પર છ માઈલ ચાલવાની તાકાત ન હતી. પરંતુ હિંમત રાખી, રસ્તામાં વારે-વારે થાક ખાતો, તે ચાલી નીકળ્યો. નાની પૂતળી તો કશું બોલી શકે તેવી હાલતમાં જ નહોતી, પરંતુ પુનવા એટલું કહી શક્યો કે બન્ને ભાઈ-બહેન રમતાં-રમતાં જંગલમાં પહોંચી ભૂલા પડી ગયા હતાં.

રાત્રીના ઘેરા થતાં અંધકારમાં એક પછી એક પ્રગટી રહેલા ફાનસ અને સગડીના પ્રકાશબિંદુઓને પોતાની વણદેખતી આંખો વડે તાકતો હર્કવાર, ઝૂંપડીના બારણે બેઠો હતો. એટલામાં તેણે એક ટોળાને બજાર તરફથી આવતું જોયું. ટોળાની મોખરે એક માણસ પોતાના ખભે કશુંક રાખીને ચાલી રહ્યો હતો. રસ્તામાં બીજા માણસો પણ ટોળામાં જોડાઈ રહ્યા હતાં. ટોળામાં ''હર્કવારના બાળકો, હર્કવારના બાળકો''નો ગણગણાટ પણ સંભળાતો હતો. વાત માન્યામાં ન આવે તેવી હતી, પરંતુ ટોળું ખરેખર સીધું, તેની ઝૂંપડી તરફ જ આવી રહ્યું હતું.

સંતાપ અને થાકથી ત્રસ્ત કુંતીની તો

સહનશક્તિની હદ આવી ગઈ હતી. તે ઝૂંપડીના એક ખૂણામાં ટૂંટિયું વાળીને સૂઈ ગઈ હતી. હર્કવાર તેને ઢંઢોળીને ઝૂંપડીના બારણે લઈ આવ્યો. એટલામાં પૂતળી અને પુનવા સાથે ગોવાળ ઝૂંપડીમાં પ્રવેશ્યો.

બાળકોને બચાવનારને આંસુભર્યો આવકાર, આશીર્વાદ અને આભાર તથા પડોશી અને મિત્રોના અભિનંદન પછી બાળકોને બચાવનાર ગોવાળ જેનો હકદાર હતો, તે ઈનામની આવી. ગરીબ ગોવાળ માટે પચાસ રૂપિયા અકલ્પનીય દોલત સમાન હતા. એટલાં પૈસાથી તે ત્રણ ભેંસ અથવા દસ ગાય ખરીદી સ્વતંત્ર પશુપાલક બની શકે તેમ હતો. પરંતુ આપણો ગોવાળ જુદી માટીનો બનેલો હતો. તેને માટે તેને આજે મળેલા આભાર અને તેના પર વરસી રહેલાં આશીર્વાદથી મોટું કોઈ ઈનામ ન હતું. તેણે ઈનામ પેટે એક પૈસો પણ સ્વીકારવાની ના પાડી દીધી. બીજી તરફ હર્કવાર તથા કુંતી પણ ઈનામની રકમ ભેટ અથવા લોન તરીકે સ્વીકારવા તૈયાર ન હતાં. તેઓ જેમને ફરી કદી પણ જોઈ શકવાની આશા ગુમાવી બેઠા હતાં, તેવા તેમના બાળકો ફરી એક વાર તેમની પાસે હતાં. આથી વધુ શું જોઈએ? એકાદ-બે દિવસમાં કામે ચડવાની તાકાત પાછી મળતા જ, તેઓ પોતાનું ગુજરાન સહેલાઈથી ચલાવી શકશે. ત્યાં સુધી આસપાસ એકઠા થયેલા ભલા માણસોએ બજારથી લાવી આપેલા દૂધ, પુરી અને મીઠાઈથી કામ ચાલી જશે!

બે વર્ષની પૂતળી અને ત્રણ વર્ષનો પુનવા શુક્રવારે બપોરે જંગલમાં ગુમ થયાં અને ૭૭ કલાક બાદ, સોમવારે સાંજે પાંચ વાગે પાછા મળ્યાં. આ જંગલમાં મારી ગણતરી પ્રમાણે કેટલાં જંગલી પ્રાણી હતાં તે હું આગળ જણાવી ચૂક્યો છું. આ બધાં પ્રાણી પૈકી કોઈ પણ પ્રાણીએ ૭૭ કલાકમાં બાળકોને જોયાં, સાંભળ્યા કે સૂંઘ્યાં ન હોય તે માની શકાય તેમ ન હતું. અને તેમ છતાં, જ્યારે પેલા ગોવાળે બાળકોને તેમના માતા-પિતાના હાથમાં સોંપ્યા, ત્યારે તેમના શરીરે નહોર કે દાંતનું એક પણ નિશાન ન હતું!

મેં પોતે, એક વાઘણને એક બકરીના બચ્ચા પર તરાપ મારવાની તૈયારીમાં જોઈ છે. જગા ખુલ્લી હોવાથી બચ્ચાએ વાઘણને જોઈ લીધી, અને બેં-બેં કરવા લાગ્યું. સાંભળીને વાઘણ પોતાની તરાપ છોડી, સીધી બચ્ચા તરફ ચાલી. વાઘણ તેનાથી એકાદ-બે ગજ દૂર હતી ત્યારે બચ્ચું પણ વાઘણ તરફ ગયું અને તેણે વાઘણને સુંઘવા પોતાની ગરદન લંબાવી. હૃદયના બે-ત્રણ ધબકારા જેટલા સમય માટે એક તરફ બકરીનું એક મહીનાનું બચ્ચું અને બીજી તરફ જંગલની રાણી સમાન વાઘણ, એકબીજાને અડીને ઊભાં રહ્યાં. ત્યારબાદ જંગલની એ રાણી, પાછું વળીને જોયા વગર પોતાના રસ્તે ચાલી ગઈ!

હિટલરનું યુદ્ધ સમાપ્તિ પર હતું ત્યારે મેં બ્રિટિશ સામ્રાજ્યના બે-ત્રણ મોટા મહાનુભાવોના પ્રવચનનો સારાંશ અખબારમાં વાંચ્યો હતો. તેમની ફરિયાદ હતી કે દુશ્મનોએ યુદ્ધના નિયમનો ભંગ કરી ઘણા અત્યાચાર કર્યા હતાં અને માનવ યુદ્ધમાં ''જંગલનો કાયદો'' વાપર્યો હતો. આ મહાનુભાવોને મારે એટલું જ કહેવાનું કે ઈશ્વરે જંગલના રહેવાસી માટે જે કાયદો બનાવ્યો છે, તે જ કાયદો જો માનવ જાત માટે પણ બનાવ્યો હોત, તો કદાચ યુદ્ધ થાત જ નહીં!

# વંદે માતરમ્ અને સુન્દરમ્

- સુન્દરમ્

આ બાબતમાં આપણી એક બહુ વ્યાપક ખોડ જોઈએ. આપણી સભાઓમાં ગવાતા ''વંદે માતરમ્'' નો પ્રસંગ લઈએ. એ વખતે સભાની શી સ્થિતિ હોય છે? પ્રથમ તો ''વંદે માતરમ્'' બધે એક સરખા રાગમાં અને લયમાં ભાગ્યે જ ગવાય છે. બંગાળમાં, મદ્રાસમાં, મહારાષ્ટ્રમાં, ગુજરાતમાં એમ બધા પોતપોતાના રાગ કાઢે છે. અરે અમદાવાદની સભાઓમાં પણ દરેક જુદા જુદા રાગ તો નહિ પણ રાગડા નીકળે છે, અને એની ગતિ કાં તો બહુ ધીમી હોય છે કે બહુ ઝડપી હોય છે. આપણે બધાયે ભેગા મળી એક વાર એનો રાગ નક્કી કરવો જોઈએ. સેવાદળ તરફથી એક વાર તેનો રાગ નક્કી થયો હતો પણ હવે તો કૉંગ્રેસે જાતે બદલી નાખ્યો લાગે છે. જો કે મૂળેય કૉંગ્રેસે, આ મુસલમાનોએ વિરોધ ન કર્યો ત્યાં લગી, આ રાષ્ટ્રગીતના સર્વત્ર સમાન ગાન વિષે કે તે ગવાતી વખતની શિસ્ત વિષે કદી વિચાર નથી કર્યો. અત્યારે હૈદરાબાદમાં કૉલેજના વિદ્યાર્થીઓ ''વંદે માતરમ્'' ન ગાવા દેવા માટે હડળતાળ ઉપર ગયા છે. પણ તેઓ બધા એકસરખી રીતે ગાઈ શકતા હશે કે કેમ તેમાં શંકાને સ્થાન રહે છે.

ગાવાનો પ્રશ્ન બાજુએ મૂકીએ - જોકે એ પણ આપણી સ્વતંત્રતાનો મોટો પુરાવો છે. - અને શ્રોતાઓનો પ્રશ્ન લઈએ. એક અંગ્રેજ બચ્ચો એના ''ગૉડ સેવ ધ કિંગ'' વખતે જે સ્વસ્થતા અને શિસ્તથી ઊભો રહે છે તેથી તદ્દન ઊલટી રીતે જ આપણે વર્તીએ છીએ. ''વંદે માતરમ્'' શરૂ થવાનું હોય તે પહેલાં કેટલાક ડાહ્યા ગણતરીબાજ કામગરા માણસો, મહાત્મા ગાંધીથી પણ વધારે ચોકસાઈથી પોતાની મિનિટોનો હિસાબ રાખનારા મહાનુભાવો સભામાંથી તરત ચાલતી પકડે છે. વળી જેઓ ઊભા રહેવાની મહેરબાની દાખવે છે, તેઓ પણ સીધા ઊભા રહેતા નથી. સભાસ્થાનમાં આમતેમ ફરવા લાગે છે, એકબીજા સાથે વાતો ચલાવે છે. એક સ્થળે જેઓ ઊભા રહે છે તેઓ પણ પગે મચ્છર કરડતા હોય તેમ ઘોડાની પેઠે આમતેમ કેટલીય વાર પગ અફાળે છે. હાથ હલાવે છે કે કોટ તથા ખિસ્સામાં રાખે છે, તો કોક પાછળ રાખે છે, તો કોઈ બગલમાં રાખે છે, તો કોઈ માતાજીના મંદિરમાં ગયા હોય તેમ હાથને જોડીને ઊભા રહે છે અને પછી ગાતાં ગાતાં ચારે દિશામાં મોં ફરેવ્યા કરે છે. આ મહાન લપછપમાં થોડાક જ અપવાદ હોય છે. એ લોકો અમને માફ કરશે પણ અમારે કહેવું જોઈએ કે આપણા પ્રધાનો, આપણી સમિતિઓના પ્રમુખો, ઉપ-પ્રમુખો, મંત્રીઓ, એમાંનો મોટો ભાગ પણ ''વંદે માતરમ્''

વખતે આમાંથી એક કે બીજા પ્રકારની લપછપમાં ભાગ લે છે જ. કૉંગ્રેસની વર્કિંગ કમિટિના કે એ.આઈ.સી.સી.ના મેમ્બરોમાંથી પણ કેટલા ''વંદે માતરમ્'' ના ગાન વેળાની શિસ્ત બરાબર જાણે છે અને જાણતા હોય તો જાળવે છે તે જાણવું ખરેખર રસિક થઈ પડે.

બેશક આમાં લોકોનો જ વાંક છે એમ નથી. એ પ્રકારની શિસ્ત હોવી જોઈએ. ''હોશિયાર'' ઊભા રહેતાં હિન્દના એકેએક નાગરિકને આવડવું જોઈએ. એવું આજ લગી આપણા એક પણ દેશ નેતાના (સિવાય કે જવાહરલાલજીને અપવાદ કરીને) મુખમાંથી આજ લગી સંભળાયું નથી, અને જ્યાં આમ છે ત્યાં બિચારા લોકોનું શું કહેવું? અમદાવાદની ઘણી સભાઓમાં ''વંદે માતરમ્'' ગવાય ત્યાં સુધી દરેકને સ્થિર ઊભા રહેવાની અને સભા છોડીને ન જવાની વિનંતી કરવામાં આવે છે. પણ સભાનું ભાષણ સાંભળતાં જેમના કાન ઉઘાડા હતા તે આ વેળા તદ્દન જાણે બંધ થઈ ગયા હોય તેમ ઘણાયે જણ ચાલવા માંડતા હોય છે. આ શું સૂચવે છે?

આપણે આપણી અહિંસા અને સત્યની ભક્તિ માટે મગરૂબી લઈ શકીએ. અને લાઠીઓ આગળ માથા ફોડાવવામાં કે જેલનાં દુ:ખ વેઠવામાં બહાદુરી દાખવીએ છીએ. આપણી આંતરિક શિસ્ત પણ ઘણી હશે. એ કબૂલ કરીએ, પણ આ બાહ્ય શિસ્ત એ શી વસ્તુ છે તે આપણે સમજ્યા નથી એમ ખેદપૂર્વક કહેવું પડે છે. આપણી લડત અહિંસાની છે એટલે શિસ્તને સ્થાન પણ નથી એમ બહુ સ્વાભાવિક રીતે ઘણાએ માની લીધું છે. એક પંડિત જવાહરલાલજીએ એ વાત ઉપર ધ્યાન ખેંચ્યું છે. આપણી ઘણી સભાઓમાં બધા કાર્યક્રમોની ચોકસાઈથી ગોઠવણ કરવામાં આવે છે. પણ ''વંદે માતરમ્'' કોણ ઉપાડશે તેનો વિચાર પહેલેથી કરવામાં નથી આવતો.

આ યોજનાદૃષ્ટિ અને શિસ્તપાલનનો અભાવ એ આપણાં રાષ્ટ્ર જીવનની મહત્ત્વની ખામી ગણાવી જોઈએ. અમે તો એટલે સુધી સૂચવવાની હિંમત કરીએ કે આખા દેશમાં એક દિવસ ''વંદે માતરમ્''ની કવાયતનો દિવસ રાખવો જોઈએ. આખા દેશનો એકેએક માણસ અમુક કવાયત પણ જાણે એ આગ્રહ પર પણ અમને સંકોચ ન થાય. અહિંસાની રીતે લડનારા આપણે અસ્તવ્યસ્ત રીતે લડવાનું છે એવો અર્થ તો કદી ન જ થાય.

આ પણ આપણી આ શિથિલતાનું એક કારણ શું હોઈ શકે? ઉપરનો લેખક જણાવે છે કે હિંદીઓ વધારે પડતા ''તત્ત્વજ્ઞાનીઓ'' છે, ''આધ્યાત્મિક'' છે. આપણે એમ ગણીએ છીએ કે ''વંદે માતરમ્'' ગાતી વેળા આપણે ભલે ગમેતેમ ઊભા હોઈએ પણ આપણા હૃદયમાં તો ''વંદે માતરમ્''નો સાચો ભાવ છે ને? મહાત્માજીના ભાષણ વખતે ભલે ઊંચાનીચા થતા હોઈએ મહાત્માજી તો આપણા હૃદયના દેવ છે જ ને?

આ વધારે પડતી આધ્યાત્મિકતા આપણને કેટલી નડે છે તેનો વિચાર કરવા જેવો છે. બાહ્યાચારની શિથિલતા આપણી માનસિક

**(અનુસંધાન પૃષ્ઠ ૩૮ ઉપર)**

# ‘ગાંધી વિના ગાંધી’ - ગાંધીજીની લાકડી

- અમિતાબેન પાલખીવાલા

**‘અહિંસા તણી આંધી ફૂંકી, પણ સૂરજ નહોતો આથમતો,**
**લાકડી લઈને તોપુ તગેડી, એ ગાંધી કાઠિયાવાડી છે.**

**- કવિ અનુપ**

જો મહાત્મા ગાંધીની અનેક ખૂબસૂરત તસ્વીરોને આપણે યાદ કરીએ, જેમકે જાહેર સભાનું સંબોધન કરતાં ગાંધી, ઐતિહાસિક દાંડીમાર્ચમાં ચપટી મીઠું ઉપાડતા ગાંધી, ચરખો કાંતતા ગાંધી, ગાંધી, સરદાર અને નહેરુની ત્રિપુટીની તસ્વીર, બોખુ સ્મિત વેરતા ગાંધી, પ્રાર્થનામાં લીન ગાંધી, ‘ઝેરનો છેલ્લો કટોરો’ પીવા જવા ‘ડેક’ ઉપર ઊભેલા બાપુ - પણ આ બધામાં આપણી નજર સમક્ષ ઈ.સ. ૧૯૩૭માં બિમારી સમયે જુહૂ ખાતે આર. ડી. બિરલા હાઉસમાં રહીને સાજા થયા પછી જૂહુ બીચ પર પૌત્ર કનુ રામદાસ ગાંધી - જે લાકડીનો બીજો છેડો પકડીને બાપુની આગળ-આગળ ચાલે છે, તે ચિત્ર આપણા માનસપટલ ઉપર ઉપસી આવ્યા વિના રહેતું નથી. ગાંધીજીની અનેક ઐતિહાસિક અને દુર્લભ તસ્વીરોમાંની તે એક છે. દાંડીમાર્ચ વખતે ગાંધીજી આ ૫૪ ઈંચ ઊંચા વાંસના પોલને લઈને ચાલ્યા હતા. જે ગાંધીજીની ‘લાઠી’ તરીકે પ્રતીકાત્મક બની ગઈ.

ગાંધીજીએ ૨૨ સપ્ટેમ્બર ૧૯૨૧ના રોજ મદુરાઈ શહેરમાં ભારતના ગરીબ ખેડૂતો દ્વારા પહેરવામાં આવતી ધોતી અપનાવવાનો નિર્ણય લીધો. સામાન્ય પહેરવેશ છોડી ખાદીની લંગોટી (ધોતી) ધારણ કરી સામાન્ય પ્રજાનું ધ્યાન તેમણે ખેંચ્યું. આજે પણ માત્ર લંગોટીનું ચિત્ર જોતાં જ ગાંધીની સાદગી આપણને યાદ આવી જાય. એ જ રીતે પ્રેમતાર કાંતીને સૌને પ્રેમથી બાંધનાર ગાંધીનો રેંટિયો અને ખાદીના વસ્ત્રો કે હાથસાળનો કાગળ, કમરે લટકતી ઘડિયાળ, ચશ્મા, લાકડી એ ગાંધીજીની ‘બ્રાન્ડ આઈડેન્ટીટી’ બની ગયેલા. અને ગાંધીજીની આ ચીજો કે જેને તેઓએ ઉપયોગમાં લીધી હતી તે ચીજોને પ્રતીકાત્મક સ્વરૂપે જોતાં આપણને ગાંધીની મૂર્તિ અને સત્ય, અહિંસા વગેરે આદર્શો, વગર ચહેરાએ યાદ આવી જાય.

આમ તો ‘‘લાઠી’’ - ‘‘લાકડી’’ - પરંપરાગત, સર્વ વ્યાપક રીતે ચાલવાની લાકડી. એ ઘણી સંસ્કૃતિઓનો એક ભાગ છે.

ઈતિહાસકારોના મતે ગાંધીજી સામાન્ય રીતે દરરોજ ૧૦ થી ૧૨ કિમી પગપાળા ચાલતા હતા. એમને ચાલવામાં વિશ્વાસ હતો અને ગમતું પણ હતું. હવે ૧૨મી માર્ચ ૧૯૩૦ના રોજ જ્યારે ૬૧ વર્ષીય મહાત્મા ગાંધી અમદાવાદમાં તેમના સાબરમતી આશ્રમથી મીઠાના સત્યાગ્રહ માટે ઐતિહાસિક

દાંડીયાત્રાની તૈયારીઓ કરતા હતાં ત્યારે એમના એક સાથીદાર 'સવાઈ ગુજરાતી' એવા કાકાસાહેબ કાલેલકર એમને મળવા આવ્યા હતા અને પોતાની ચિંતા વ્યક્ત કરતાં તેમણે ગાંધીજીને કહ્યું કે સાબરમતી આશ્રમથી દાંડી સુધીની ૨૪૧ માઈલ (૩૮૮ કિમી)ની આટલી લાંબી યાત્રા કરવાનું ઘણું મુશ્કેલભર્યું રહેશે. ત્યારે કાકાસાહેબે બાપુને લાકડી સાથે ચાલવાની હિમાયત કરી અને પોતાને જે લાકડી ભેટમાં મળી હતી તે બાપુને ભેટમાં આપીને કહ્યું કે, મુસાફરી દરમિયાન આ લાકડીથી રાહત મળશે.

ઐતિહાસિક દાંડીકૂચમાં ઉપયોગમાં લીધેલી લાકડી ઝુંબેશનું પ્રતીક બની ગઈ. અને ગાંધીજીની લાકડી વિશ્વની પહેલી અહિંસક લાકડીનું પ્રતીકાત્મક બની ગઈ. એટલું જ નહીં પણ ગાંધીની લાકડી મીઠાના સત્યાગ્રહનું, અસહકારનું, શક્તિનું, કૃષિ અર્થત્તંત્રનું અને ખુદ બાપુનું પ્રતીક બની ગઈ. લાકડી એ ગાંધીજીના વ્યક્તિત્વનું લક્ષણ બની ગઈ. આ સામાન્ય કલાકૃતિ વિના તો ગાંધીજીનું વ્યક્તિત્વ આપણને અધૂરું લાગે. વાંસની આ લાકડીએ એ સાબિત કરી આપ્યું કે કોઈ હથિયાર માત્ર હુમલો કરવા માટે જ નથી હોતું, પણ તે સહારા માટે પણ હોઈ શકે છે.

ગાંધીજીની ચાલવાની લાકડી (Walking stick) હલકી હોવા છતાં ખૂબ જ મજબૂત હતી. અને તેમાં એક અસામાન્ય, નજીકથી ગૂંથેલી, શેરડી-લાકડીની પેટર્ન હતી. જેને 'નાગા-બેટ્ટા' (સાપ-લાકડી) કહેવાય છે. જેમાં દરેક ગાંઠમાં કાળા રંગના કુદરતી ડાઘ હતા. લાકડીના દેખાવને બાજુ પર રાખીએ તો ગાંધીની આ લાકડી ત્યારથી હિંમત, તાકાત, ખંત, મક્કમતા, વીરતા તથા ધીરતાના ઉચ્ચ વિચારોનું પ્રતીક બની છે. ભેટમાં મળેલી આ લાકડીને ગાંધીજીએ ગોળમેજી પરિષદના પ્રવાસ દરમિયાન પણ પોતાની પાસે રાખી હતી.

હવે જો ઘોરઘાટની લાઠીની વાત કરીએ તો જીંગેર જિલ્લાના બરિયાસુર થાનાથી ૮ કિ.મી. દૂર ઘોરઘટ ગામ પાસે ઢોલ પહાડી વિસ્તાર સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે ગુપ્ત કેન્દ્ર હતું. ઘોરઘાટના કઠઈટોલામાં વિશેષ પ્રકારની લાકડી બનાવવામાં આવતી હતી. સ્થાનીય હવેલી ખડગપુરના જંગલોથી લાઠી આવતી હતી. ઘોરઘાટમાં લાકડી, તેલ અને ચૂનામાં નાખીને આગમાં શેકીને ખાસ ટેકનિકથી બનાવવામાં આવતી હતી. લાકડીની મજબૂતી અને ખાસ ગુણવત્તાના કારણે તેનો ઉપયોગ મુગલકાળમાં યુદ્ધમાં થતો હતો. અંગ્રેજ શાસનકાળ દરમિયાન પોલીસ આ લાઠીનો બળ તરીકે ઉપયોગ કરતી હતી. એ દિવસોમાં અહીંની લાઠી બ્રિટન, અફઘાનિસ્તાન, ભૂતાન અને નેપાળ જેવા દેશોમાં જતી. એપ્રિલ ૧૯૩૪માં બિહારમાં મુંગેરમાં આવેલા ઘોરઘાટમાં વિનાશક ભૂકંપ પછી બાપુ બિહારની મુલાકાતે આવ્યા હતા. વળી ઘોરઘાટ આવવાનો બાપુનો બીજો ઉદ્દેશ્ય સ્વતંત્ર્ય સેનાનીઓને મળવાનો પણ હતો. ત્યારે ઘોરઘાટવાસીઓએ બાપુને લાઠી ભેટમાં આપી.

અનેક દેશો અને અંગ્રેજોને લાઠીના મુખ્ય સપ્લાયર તરીકે ઓળખાતા ઘોરઘાટવાસીઓને ઉદ્દેશીને બાપુએ કહ્યું : ''મને ખબર છે કે આ

ગામની લાઠી આખી દુનિયામાં ચર્ચિત છે. પણ એ જાણીને દુઃખ થાય છે કે તમારા ગામની લાઠી બ્રિટિશ હુકૂમત ખરીદે છે અને અમાનવીય રીતે તે દેશવાસીઓ પર અને સ્વતંત્ર્ય સેનાનીઓ પર વરસાવે છે. તો આ લાઠી હું એ શરતે સ્વીકારું કે તમે આજથી શપથ લો કે ઘોરઘાટની લાઠી કોઈપણ બ્રિટશર્સને પૂરી પાડશો નહીં. એના બદલે તમારી લાઠી તો અંગ્રેજોને ભગાડવા માટેનું કામ કરે અને હું તો ઈચ્છું છું કે તમારી લાઠી મારા બુઢાપાનો સહારો બને અને દેશની સુરક્ષા કરે.'' ત્યારે ઘોરઘાટવાસીઓએ અંગ્રેજોને ઘોરઘાટની લાઠી નહીં આપવાની પ્રતિજ્ઞા કરી. એવું કહેવાય છે કે ઘોરઘાટે પણ પોતાનો શબ્દ રાખ્યો અને બ્રિટિશ શાસન સામે અસહકારની ભાવના જગાવી. ગાંધીજીએ પણ તે લાઠીને શક્તિ અને કૃષિ અર્થતંત્રના પ્રતીક તરીકે છેલ્લે સુધી પોતાની પાસે રાખી. બાપુનો આ ગામ સાથે સંબંધ ઘણો જૂનો હતો. ૧૯૩૪માં બાપુને લાઠી ભેટમાં આપવામાં આવી હતી. તેની યાદમાં ઘોરઘટવાસીઓ દર વર્ષે ત્રણ દિવસનો 'લાઠી મહોત્સવ' ઉજવે છે.

*'એક થે અપને મોહન ગાંધી*
*સાથ વો લાએ થે એક આંધી*
*હાથ મેં લાઠી ઘડી ભી લટકે*
*ચશ્મા પહને તન કે પતલે.'*

ઘોરઘાટની લાઠી સિવાય ગાંધીજીની બીજી પણ પ્રિય લાકડીઓ હતી અને લાકડીઓને પણ ગાંધીજીની લાકડી થવાનું ઘણા દિવસ સુધી મળ્યું ન હોય તો તેમને પણ ગમતું નહીં. ગાંધીજી ફરવા જતાં ત્યારે કેટલાંક બાળકો તેમની સાથે જોડાઈ જતાં અને બાપુ સાથે ગપ્પાં હાંકવાની મજા લેતા. બાપુને ચાલતી વખતે તે લાકડીનો ટેકો જોઈએ તો બાળકો ગાંધીજીના પડખામાં ભરાઈ જાય અને બાપુના હાથ પોતાના ખભા પર ઝીલતા. આમ બે તરફ બે જીવતી લાકડીઓ અને વચ્ચે બાપુ વાતો કરતાં જાય છે ને બાપુની આ અદ્ભુત બાળલાકડીઓ!

ગાંધીજીના મૃત્યુ સુધી આ લાકડી તેમના કબજામાં રહી. ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ તેમની હત્યા પછી મહાત્મા ગાંધીના શિષ્યોએ ભારતભરના વિવિધ સ્થળોએથી તેમની સંપત્તિ એકઠી કરી. જેમ કે, તેમણે ઉપયોગમાં લીધેલ ચંપલ, લાકડી, ચશ્મા, ઘડિયાળ, પિત્તળની થાળી અને વાટકો, ચરખો, ખાદી વગેરે. અને તેને વિવિધ સંગ્રહાલયોમાં પ્રદર્શિત કરી. પરંતુ મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીયાત્રામાં તેમની સાથે ગયેલી આ સાદી વાંસની લાકડી કરતાં વધુ પ્રખ્યાત કોઈ નહોતું. આજે આ લાકડી નવી દિલ્હીના રાજઘાટ ખાતેના રાષ્ટ્રીય ગાંધી સંગ્રહાલય અને પુસ્તકાલયમાં અન્ય લાઠીઓ સાથે પ્રદર્શનમાં જોઈ શકાય છે. પણ આઝાદીની જંગમાં 'ઘોરઘાટની લાઠી' પણ બાપુની સાથે હતી એ પણ આપણે ના ભૂલવું જોઈએ.

'મનમેં થી અહિંસા કી લગન તન પે લંગોટી
લાખો મેં ઘૂમતા થા લિયે સત્ય કી સોટી
વૈસે તો દેખને મેં થી હસ્તી તેરી છોટી
લેકિન તૂઝે ઝૂકતી થી, હિમાલય કી ભી ચોટી
દુનિયા મેં તૂ બેજોડ યા ઈન્સાન બેમિસાલ...
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ.

# શૈક્ષણિક માસિકના પ્રશ્નો અને ઉપાયો

- મનસુખ સલ્લા

હરભાઈ સ્મારકનિધિ અને ઘરશાળા માસિકના ઉપક્રમે તારીખ ૪/૧/૨૦૨૬ ના રોજ વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. મુ.શ્રી મનસુખભાઈ સલ્લાએ વિચારગોષ્ઠિમાં આપેલું વક્તવ્ય અમે અહીં વાંચકો માટે પ્રકાશિત કરીએ છીએ.

- તંત્રી

માસિક પ્રગટ કરવાનું મન એને થાય છે, જેને વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર યા વિશ્વ વિશે કશુંક કહેવાનું હોય છે. તેઓ પ્રચલિત વિચારને તપાસે છે, ચકાસે છે, તે અંગે પોતાના પ્રતિભાવો, અવલોકનો, વિચારો, અનુભવો રજૂ કરતાં હોય છે. એટલે માસિક દ્વારા તેઓ અનેક વાચકો સુધી વિચાર વિનિમયના ભાવથી પહોંચે છે. જે પ્રચલિત છે, સ્થિર છે, માન્ય છે તેના વિકલ્પો રજૂ કરે છે. જો એ અસ્વીકાર્ય હોય તો પોતાનું દર્શન રજૂ કરે છે. ગુજરાતમાં આવા શૈક્ષણિક સામયિકોના નામ પણ એ સૂચિત કરે છે. ‘‘ઘરશાળા’’ (રઘુભાઈ નાયક), ‘‘કોડિયું’’ (નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી), ‘‘પ્રગતિશીલ શિક્ષણ’’ (પ્ર. ત્રિવેદી, પી. જી. પટેલ), ‘‘કેળવણી વિમર્સ’’ (મનસુખ સલ્લા, વૈશાલી શાહ), ‘‘અચલા’’ (મફતભાઈ પટેલ) વગેરે એના નોંધપાત્ર નમૂના છે. આ દરેક નામ તંત્રી/ સંપાદકની દૃષ્ટિ અને ધ્યેય ઇંગીત કરે છે.

દરેક સમાજ પરિવર્તન પામતો હોય છે. પરિવર્તન ઉત્તમ થાય અને મર્યાદાવાળું કે વિપરીત પણ થાય એ માટે એ ક્ષેત્રના લેખા-જોખા કરવાનું કામ એ સામયિક કરે છે. તેઓ એવી બાબતોના મર્મો સ્પષ્ટ કરીને સમાજ સામે મૂકે છે. જેથી ધીરે ધીરે એનો લોકમત ઘડાય. સામાન્યપણે જે સ્થિર, સ્વીકાર્ય બની ગયું હોય તેને સમાજને સાપ કાંચળી ઉતારતા જે પીડા અનુભવે છે, તેવી પીડા પણ થાય. આ માટેની ભૂમિકા રચવાનું કામ સામયિકો કરી શકે છે. અલબત્ત આ કઠણ કામ છે.

સામયિક પ્રગટ કરનાર તંત્રી કે સંપાદક પાસે એ સ્પષ્ટતા હોવી જરૂરી છે કે યોગ્ય, આદર્શ, પ્રસ્તુત શું છે, એનો નકશો તેમની પાસે હોવો જોઈએ. એટલે તેઓ નવા નવા લેખકોને પોતાના સામયિક માટે આવકારશે. સમાન વિચારવાળા લેખકોને આકર્ષીને એમનો અવાજ મજબૂત બનાવશે.

એટલે કે સામયિક પ્રગટ કરનારને જડતા, સંકુચિતતા કે એકાંગિતા સ્વીકાર્ય નથી હોતી. એ પરિવર્તનનો વાહક બનવા ઈચ્છે છે અને એ માટેની ભૂમિકા સર્જવા ઇચ્છતો હોય છે. એટલે સામયિકમાં મળેલી સામગ્રી એકઠી કરીને મૂકી દેનારા પૂરતા નથી. આ માટે લખનારની તાલીમનો પ્રબંધ કરવો જરૂરી

બનશે. ઈષ્ટ એ છે કે સામયિક માહિતી આગળ અટકી ન જાય, પણ વિચારની સેવનાર માધ્યમ બને.

આખું સામયિક કાંઈ તંત્રી કે સંપાદક નથી લખતા. એથી તંત્રીએ અન્ય લેખકોને પ્રોત્સાહિત કરવા જોઈએ, આકર્ષવા જોઈએ, સમાચાર, અહેવાલો, પ્રવૃત્તિ, પરિચય એવી રીતે મૂકાવા જોઈએ કે એ અન્ય માટે દૃષ્ટાંત રૂપ બની રહે.

દુનિયાભરમાં સૌથી અઘરું કામ વિચાર કરવાનું ગણાય છે. કારણ કે વિચારના પાયામાં સત્યાશ્રિત અભ્યાસ હોય છે. પરિસ્થિતિનું આંકલન હોય છે. ભૂતકાળનો સંદર્ભ, વર્તમાનની સ્થિતિ અને ભાવિના દર્શનને આધારે કરેલું પૃથ્થકરણ અને તારણો હોય છે. આવી સામગ્રી દર મહિને મેળવવી એ તંત્રી કે સંપાદકની પણ કસોટી હોય છે. તેથી લેખકો પાસે તંત્રી/સંપાદકની અપેક્ષા હોય છે કે તેઓ જે સામગ્રી મોકલે તે વિચારપૂર્ણ હોય, નવી દિશા બનાવનારી હોય અને અભ્યાસપૂર્ણ હોય.

એટલે સામયિકમાં લેખ પ્રગટ કરવા મોકલનાર લેખકોએ પણ સ્વ-કેળવણી કરવી જરૂરી હોય છે. લેખકોમાં અનેક પ્રકારની સજ્જતા કેળવવી પડે છે. ગુજરાતના એક શૈક્ષણિક સામયિકમાં લેખકો માટે આવી સૂચના કે માર્ગદર્શન છાપવામાં આવે છે. “ગુજરાતના શિક્ષકોને પ્રેરણાદાયી થાય એવા મૌલિક, સરળ ભાષામાં, તલસ્પર્શી, અનુભવજન્ય, અભ્યાસપૂર્ણ, ટૂંકા લેખો સ્વીકાર્ય છે.” આવી અપેક્ષા લગભગ તમામ તંત્રી/સંપાદકોની હોય છે. વળી શૈક્ષણિક સામયિકે માત્ર પ્રશ્નો રજૂ કરવાના નથી, ઉપાયો પણ દર્શાવવાના હોય છે.

શૈક્ષણિક પ્રક્રિયાના પાંચ એકમો છેઃ (૧) સંચાલક/આચાર્ય (૨) વાલીઓ (૩) વિદ્યાર્થીઓ (૪) શિક્ષકો (૫) નિર્ણય કરનાર તંત્ર. આ પાંચે માટેના ઉપર કરેલા સંદર્ભમાં વિચારો સામયિકોએ પ્રગટ કરવા જોઈએ. શિક્ષણ રચના ઉત્તમ હશે કે કનિષ્ઠ, તેમાં આ પાંચેય એકમો ભાગ ભજવે છે. એટલે પાંચેય એકમો વિશેના લખાણો અનિવાર્ય બનશે. આવી સમગ્રદર્શી પ્રક્રિયા હોવાથી શિક્ષણ દ્વારા એવું સિદ્ધ કરવા પ્રયત્ન થાય છે કે આપણે કેવો નાગરિક, કેવો સમાજ, કેવું રાષ્ટ્ર સર્જવા ઈચ્છીએ છીએ. આ માટે દેશ-વિદેશના અભ્યાસ દ્વારા મેળવેલા નમૂનાઓને આપણા સમાજ સામે રજૂ કરવા જોઈએ. એ દ્વારા પોતાના સમાજને જાગૃત કરી શકાય છે. પરંતુ એ વિવેક રાખવો જોઈએ કે દરેક દેશની સાંસ્કૃતિક સામાજિક પરંપરા અલગ હોય છે. એટલે ગમે તેવા સારા નમૂનાનું અંધાનુંકરણ નહીં કરવું જોઈએ. સમાજને જગાડવાનો છે, નવી દિશા ચિંધવાની છે પણ અનુકરણ કરતો સમાજ બનાવવાનો નથી.

દરેક શૈક્ષણિક સામયિકોએ એ વાત અનેક રીતે સ્પષ્ટ કરતા રહેવી જોઈએ કે લોકશાહી સમાજ રચનામાં સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા પર ભાર મૂકવો જોઈએ. તો પ્રયોગ સ્વાતંત્ર્ય અનિવાર્ય છે. રાજ્યે બધા જ નિર્ણયો

પોતાની મુઠ્ઠીમાં નહીં રાખવા જોઈએ. સ્વાયતતા હોય તો જ પ્રયોગશીલતા જન્મે અને પ્રયોગશીલતા હોય તો જ ગુણવત્તા સિદ્ધ થાય.

સામયિકમાં લખનાર લેખકનું કર્તવ્ય છે કે એમના વિચારો સ્પષ્ટ અને નવી દિશા ચિંધનારા હોય. તે માટે લેખકોએ કોઈની પણ કંઠી નહીં બાંધવી જોઈએ. એ અર્થમાં સામયિક એ જ્ઞાન પૂર્ણ સમાજને બળ આપનાર માધ્યમ બને છે. ન કોઈનો આંધળો વિરોધ કે ન અવિચારી સમર્થન. તો પ્રજામાં એ વિચારનો સ્વીકાર થાય છે.

શૈક્ષણિક સામયિકમાં લખનાર લેખક પાસે રજૂઆતની ક્ષમતા અનિવાર્ય છે. એ માટે ભાષાની સજ્જતા વધારવા સતત પ્રયત્ન કરવો જોઈએ. એ માટે ઉચિત ઉદાહરણો, અવતરણો ધ્યાનમાં લેવા જોઈએ. વળી, લેખક જાણતા નથી કે એનું લખાણ કોણ વાંચશે તો શક્ય તેટલી વધુ સ્પષ્ટતાથી બધું મૂકવું જોઈએ. કેટલાક લેખકો ભાષા અંગે બેદરકારી સેવતા હોય છે, એ અયોગ્ય છે. જો અંગ્રેજીમાં સ્પેલિંગમાં ભૂલ બદલ શરમ અનુભવતા હોઈએ, તો ગુજરાતીમાં ખોટી જોડણી બદલ શરમ અનુભવી જોઈએ. એ માટે લખાણના બે ડ્રાફ્ટ કરવા ઉચિત છે. બીજા ડ્રાફ્ટ વખતે આપણું મન જ કહે છે કે, આ વાક્ય શબ્દ બરાબર નથી. જે ક્રમમાં વિચારો રજૂ કર્યા હોય તે ક્રમ ઘણીવાર બીજા ડ્રાફ્ટમાં બદલાય પણ ખરા. પોતાનું લખાણ બને તેટલું વધુ અસરકારક બને એનો આગ્રહ દરેક લેખકે રાખવો જોઈએ.

આ જગતને દોરનાર મુખ્ય પરિબળ વિચાર છે. જેમણે વિચારો રજૂ કરવાના છે તેમણે પોતે પોતાના વિચારો સ્પષ્ટ અને અસરકારક છે કે નહીં તેની કડક ચકાસણી કરવી જોઈએ. સૂઝ્યું તે કાગળ ઉપર ઉતારી લીધું અને તંત્રીને મોકલી દીધું એ માનસિક પ્રમાદ છે અને જ્ઞાનની અપેક્ષા છે. આપણે કાંઈ પણ લખીએ ત્યારે મન સામે થોડી પ્રતિભાવાન વ્યક્તિઓને રાખવી જોઈએ કે જેઓ મારું લખાણ વાંચવાના છે એવા વાંચનારા ૪૦-૫૦ જ હોય. પણ આપણે એમને માટે લખીએ છીએ. એમને માટે સામયિક પ્રગટ કરીએ છીએ. એટલે ઉમાશંકર જોશીએ કરેલી ભલામણ યોગ્ય છે કે, “ લેખકે છેક-ભુસ-લખનો આદર્શ રાખવો જોઈએ.”

આપણું નિશાન આ છે. બીજા વિશ્વયુદ્ધ વખતે ખોબા જેવડા ઈંગ્લેન્ડે વાવાઝોડા જેવા નાઝી જર્મન હુમલાને ખાળ્યા હતા, પાછા પાડ્યા હતા. કારણ કે ઈંગ્લેન્ડના વિચારપ્રધાન સામયિકોએ પ્રજાને સતત પ્રેરણા આપી હતી. કોઈપણ દેશ પ્રજાકીય કેળવણીની ઉપેક્ષા ન કરી શકે.

પોતાનો શબ્દ અસરકારક બને એ માટે લેખકોએ લેખનનું તપ કરવાની જરૂર હોય છે. વિચાર રજૂ કરવો એ પણ મોટું તપ છે. એનો આધાર અભ્યાસનિષ્ઠા હોય છે અને એનો ઉદ્દેશ વાંચનારાના હૃદય સુધી એ વિચારો પહોંચે, એ હોય છે. પુરસ્કાર કે એવોર્ડ એ પાછળ-પાછળ આવતી બાબતો છે. આપણું ધ્યેય પ્રજાકીય કેળવણી અને જાગૃતિ હોય, આવી ઉપાસના પ્રજાકીય પુખ્તતા માટે અનિવાર્ય છે. માટે દરેક લેખકે અભ્યાસતપ કરવાનું હોય છે.

# એક અનોખી યાત્રા : સ્વયંની સફર

- ડૉ. દિનેશકુમાર ડી. પરમાર

આજકાલ મોટાભાગના માણસો પોતાના વિશે ન્યૂનત્તમ અને બીજાઓ વિશે મહત્તમ જાણકારી ધરાવે છે. દરેક વ્યક્તિની હિલચાલ પર ચાંપતી નજર રાખે છે. જાણે કે, તેઓને આ કાર્યનું મહેનતાણું ન મળતું હોય? આપણે પારકી પંચાતમાં પાવરધા છીએ અને ઘણીવખત ઊછીની ઉપાધિ વહોરીએ છીએ. સામાન્યરીતે જે લોકો પોતાનું કાર્ય આયોજનપૂર્વક અને પ્રતિબદ્ધતાપૂર્વક કરે છે તેઓને સમયની ક્યારેય ફરિયાદ હોતી નથી પણ નવરા માણસો હંમેશાં પોતાની પાસે સમય નથી એવું આવરણ રચી પોતે ખૂબ જ વ્યસ્ત છે એવો દેખાડો કરતા હોય છે. સ્વયંને નીરખવાની, પોતાની જાતને ચાહવાની અને સ્વયંને ઓળખવાની રીત દુનિયાની નોખી રીત છે. ખુલ્લી આંખે દુનિયાને ખૂબ જોઈ અને માણી, હવે બંધ આંખે આપણી પોતાની જાત સાથે ભાઈબંધી કરવાની છે, જે ક્યારેય દગાખોર નહીં બને. દુનિયા સામે ખૂબ લડ્યા, હવે પોતાની જાત સામે લડવાનું છે. આ લડાઈ જો સાચી રીતે લડાઈ તો તેમાં આપણો જ વિજય થવાનો છે, નહીંતર સ્વયંને છેતરીને કોઈ માણસ ક્યારેય આનંદિત રહી શકતો નથી. સ્વયંની સફર એક અદ્ભુત અને અનોખી સફર છે. તો ચાલો આજે સ્વયંને જાણીએ.

સૌપ્રથમ સ્વયંની સફરનો અર્થ સમજીએ. સ્વયંની સફર એટલે વ્યક્તિ પોતાની જાતને સમજે, પોતાના વિચારો, મૂલ્યો, શક્તિઓ, મર્યાદાઓ, લાગણીઓ, જીવનના હેતુઓને ઊંડાણપૂર્વક સમજે. આ સફરમાં વ્યક્તિ આધ્યાત્મિક, શારીરિક, નૈતિક, સાંસ્કૃતિક, સામાજિક, માનસિક અને ભાવનાત્મકરૂપે પોતાની આંતરિક શોધખોળ કરે છે. સ્વયંની સફર વ્યક્તિત્વવિકાસ માટેની સુંદર યાત્રા ગણાવી શકાય. શાળાકક્ષાએ શૈક્ષણિકવિકાસ સાથે આંતરિકમૂલ્યો અનાવૃત્ત કરી વિકસાવી શકાય છે. સ્વવિકાસથી રાષ્ટ્રવિકાસ અને સમગ્ર માનવજાતના વિકાસનું બીજારોપણ કરી શકાય છે. તન અને મનની તંદુરસ્તીનું નિર્માણ કરી શકાય છે. સ્વયંની સફર એક અદ્ભુત, અનોખી અને આગવી સફર છે. જેના થકી તમે અત્યાર સુધી જેની સાથે શ્વાસો છો, જે નિરંતર તમારી સાથે છે એવી તમારી પોતાની જાત સાથેનો નિર્દોષ, નિર્ભેળ કે નિર્લેપ વાર્તાલાપ છે. કહો કે, પોતાના માઈનસ પોઇન્ટ જાણવા એ હંમેશા પોતાની જિંદગીના પ્લસ પોઈન્ટ હોય છે!

જાત સાથેની યાત્રા દુનિયાની સર્વોત્તમ યાત્રા છે. જેમાં યાત્રી તરીકે આપણે સ્વયં છીએ. સ્વયંની યાત્રામાં પોતાના માંહ્યલાના અવાજને સાંભળી તેનું અનુસરણ કરવાની વાત અગ્રસ્થાને છે. આત્મશોધ દ્વારા વ્યક્તિ પોતાનાં મૂલ્યો, શક્તિઓ અને મર્યાદાઓથી સારી પેઠે અવગત થાય છે. પોતાના વિચારો અને વર્તનવ્યવહારની પેટર્નનો વ્યક્તિને ખ્યાલ આવે છે. વ્યક્તિ ધીમે ધીમે પોતાની જાત સાથેની યાત્રામાં પોતાને વધુને વધુ જાણતો અને ઓળખતો થાય છે અને વાણી, વર્તન અને વ્યવહારમાં વિધાયક ફેરફાર કરતો

જાય છે. આ સફર વ્યક્તિને આધ્યાત્મિક માર્ગ ભણી પણ દોરી જાય છે અને જીવનના ઊંડા અર્થ અને હેતુઓ શોધીને તેને પરિપૂર્ણ કરવાની દિશાદર્શન કરાવે છે. વ્યક્તિ પોતાની ખામીઓ અને ખૂબીઓને સંપૂર્ણ રીતે સ્વીકારે છે, જેથી તે આંતરિક શાંતિ, સમૃદ્ધિ અને સંતુલન મેળવે છે. બીજા વ્યક્તિઓને પણ તે જેવા છે એવા જ સ્વરૂપમાં સ્વીકારે છે જેથી કરીને રાગદ્વેષ, ઝઘડા, ટંટા, વેરવૃત્તિ, ક્રોધ, લોભ વગેરે નિષેધક પરિબળોથી પોતાની જાતને ઉગારી શકે છે.

સ્વયંની સફરના મહત્ત્વના અંગો એકાધિક છે, જે તપાસીએ :

**૧. સ્વજાગૃતિ :** સ્વજાગૃતિ એ સ્વયંની સફરની યાત્રાનું પ્રથમ સોપાન છે. વ્યક્તિએ પોતાના વિચારો, ઈચ્છાઓ, લાગણીઓ અને ક્રિયા પ્રતિક્રિયા પર ધ્યાન આપીને પોતાની સારી અને ખરાબ ટેવોને ઓળખવી. પોતાની જાત સાથે પ્રશ્ન અને પ્રતિપ્રશ્ન કરવા. હું કોણ છું? મારું આ પૃથ્વી પર આવવાનું કોઈ વિશેષ ઉપયોજન છે કે કેમ? મારે શું કાર્ય કરવાનું છે? મારા જીવનનો અંતિમ હેતુ શું છે? વગેરે જેવા પ્રશ્નો પોતાની જાતને પૂછીને તેના સાચાં જવાબો મેળવવાનો પ્રયાસ કરવાનો છે.

**૨. ધ્યાન અને મનન :** ધ્યાન, યોગ, પ્રાણાયામ, આત્મચિંતન વગેરે દ્વારા મનને શાંત અને એકાગ્ર કરીને આંતરિક શાંતિ મેળવવી. જેથી કરીને સ્વયંને વધારે સ્પષ્ટ અને નજીકથી નીરખી શકાય.

**૩. આત્મસ્વીકૃતિ :** પોતાના શરીરનો સંપૂર્ણ સ્વીકાર કરવો. પોતે જેવા છે તેવા સંપૂર્ણ સ્વરૂપમાં એનો સ્વીકાર કરવો. જે શરીર પરમતત્ત્વ દ્વારા અપાયું છે, જેની સાથે સમગ્ર જીવન વ્યતિત કરવાનું છે એવા આપણા શરીર અને મનને ખૂબ ચાહવાથી અને નકારાત્મક વિચારોને દૂર કરીને એક સકારાત્મક જીવનને સાકારિત કરી શકાય છે.

**૪. શિક્ષણ :** શૈક્ષણિક, આધ્યાત્મિક, વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક પુસ્તકોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાથી આપણા મનની ભ્રમણાઓને દૂર કરી આંતરિક શાંતિ પ્રાપ્ત કરી શકાય છે.

**૫. જીવનનો ધ્યેય :** પોતાના જીવનના હેતુ અને મૂલ્ય શોધવા માટે વિધાયક પ્રવૃત્તિઓ અને લક્ષ્યો નિર્ધારિત કરવાથી આંતરિક પરિતોષને પામી શકાય છે.

સ્વયંની સફરના અગણિત, અકલ્પનીય અને અલૌકિક ફાયદાઓ થતા હોય છે. સ્વંયની સફરથી માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે અને જીવનનું ધ્યેય સ્પષ્ટ બને છે. પોતાની શક્તિઓ અને મર્યાદાઓની ઓળખથી આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થાય છે. સ્વજાગૃતિથી આપણી સાથે જોડાયેલા વ્યક્તિઓ સાથેનો સંબંધ સુધરીને તંદુરસ્ત બને છે. જીવનના હેતુઓને સમજવાથી જીવનમાં આનંદ અને સંતોષની માત્રા વધે છે. સ્વયંની સફરથી જીવન જીવવાની કળા અને જીવન કૌશલ્યોને કેળવીને જીવનને સાર્થક કરી શકાય છે. ઉત્તમ ચરિત્રનિર્માણ પણ કરી શકાય છે. જાગૃત અને જવાબદાર નાગરિક બની રાષ્ટ્રભાવનાને ઉજાગર કરી શકાય છે. જગતના તમામ જીવો પ્રત્યે કરુણાભાવ તેમજ પ્રકૃતિપ્રેમને ઉજાગર કરી શકાય છે. સ્વયંની સફરથી જીવ, જગત અને જગદીશ વચ્ચેના ત્રિવેણી સંબંધની સમજ પ્રાપ્ત થાય છે.

મનુષ્યના સર્વાંગીણ વિકાસ માટે સ્વયંની સફર અક્સીર ઈલાજ સાબિત થાય છે. આ સફર દરેક વ્યક્તિ માટે અલગ અલગ હોઈ શકે છે, પરંતુ

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# ''માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના સંચાલકોની ભરતી સત્તા પર સરકારનો અંકુશ - એક વિશ્લેષણ ''

- જી. એસ. દૂધરેજીયા

શિક્ષણ એ માત્ર જ્ઞાન આપવાની પ્રક્રિયા નથી, તે તો સંસ્કાર, મૂલ્ય, માનવતા અને પ્રેરણાનું એક પુણ્યક્ષેત્ર છે. દરેક શાળા એ એક મંદિર છે, જ્યાં શિક્ષક પૂજારી છે, વિદ્યાર્થી ઉપાસક છે અને સંચાલક એ મંદિરનો આરાધક. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં આ ''શિક્ષણ મંદિર''ની પરંપરામાં એક નવું પરિવર્તન આવ્યું છે - સંચાલકની સત્તા અને સ્વતંત્રતા ધીમે ધીમે ઘટી રહી છે. સરકાર શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી અનેક નિયમો અને નિયંત્રણો લાવે છે, પણ જ્યારે આ નિયંત્રણ અતિ થઈ જાય ત્યારે તે શિક્ષણની આત્માને નુકસાન પહોંચાડે છે. આજનો વિષય - સંચાલકની ભરતી સત્તા પર સરકારનો અંકુશ - એ માત્ર કાયદાકીય મુદ્દો નથી, તે શિક્ષણના જીવંત ધબકારા સાથે સંકળાયેલો પ્રશ્ન છે.

**ભાગ-૧ : શાળા સંચાલનનું તત્ત્વજ્ઞાન**

શાળાનું સંચાલન એટલે ફક્ત બિલ્ડિંગ, શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સંતુલન જાળવવું નહિ, તે એક જીવંત સંબંધ છે - જેમાં પ્રેમ, વિશ્વાસ, શિસ્ત અને જવાબદારીનો તાંતણો જોડાયેલો છે. શાળાની સંચાલક મંડળી એ એનું હૃદય છે. તે જ શિક્ષણપ્રેમી લોકોની ટીમ છે, જે શાળાને પોતાનું સંતાન સમજે છે.

તે શિક્ષકોની પસંદગી કરે, શાળાનું વિઝન નક્કી કરે, વિદ્યાર્થીઓ માટે નવી પહેલ કરે, અને દાનદાતાઓને જોડે. પણ જો આ મંડળી પાસે કોઈ સત્તા ન રહી - તો તે ફક્ત નામમાત્રનું તંત્ર બની જાય છે. એટલે જ સંચાલનનો આત્મા સ્વતંત્રતા સાથે જોડાયેલો છે.

**ભાગ - ૨ : સરકારના અંકુશનું સ્વરૂપ**

અંકુશ એટલે નિયંત્રણ. પણ જ્યારે નિયંત્રણ દમનરૂપ બને, ત્યારે સર્જનાત્મકતાનો શ્વાસ રૂંધાઈ જાય છે. આજની શિક્ષણવ્યવસ્થામાં સરકાર નીચેના પ્રકારના અંકુશ લાદી રહી છે :

કેન્દ્રિય ભરતી (Centralized Recruitment) પહેલાં શિક્ષકની પસંદગી સ્થાનિક સંચાલક મંડળી દ્વારા થતી. જે વિદ્યાર્થીઓની જરૂરિયાત, વિષય અને સંસ્કાર અનુસાર યોગ્ય વ્યક્તિ પસંદ કરતી. હવે ભરતી રાજ્ય સ્તરે થાય છે, જ્યાં ઉમેદવાર માત્ર ગુણ અને પરીક્ષા આધારે પસંદ થાય છે, પરંતુ શાળાના સંસ્કાર અને સંચાલનની દૃષ્ટિ ગાયબ રહે છે. ટ્રાન્સફર અને પ્રમોશન પર નિયંત્રણ અગાઉ પ્રિન્સિપાલ કે મંડળી કર્મચારીની કામગીરી જોતી અને યોગ્ય નિર્ણય લેતી. હવે આ બધું સરકારના સોફ્ટવેર અને આદેશ્ક પર ચાલે છે. પરિણામે શાળાની આંતરિક વ્યવસ્થા વિખૂટી પડી ગઈ છે. આર્થિક સત્તાનો હ્રાસ શાળાની ગ્રાન્ટ, પગાર મંજૂરી, ખર્ચની માન્યતા વગેરે દરેક બાબતમાં સરકારની મંજૂરી ફરજિયાત બની ગઈ છે.

સંચાલક પાસે દાનના પૈસા હોય છતાં તેનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા નથી. શિક્ષાત્મક સત્તા પર રોક. જો કોઈ શિક્ષક અશિસ્ત કરે, તો પણ મંડળી પાસે તેની સામે કાર્યવાહી કરવાની શક્તિ ઓછી છે. ફરિયાદો DEO અથવા JDE પાસે જતી રહે છે અને પરિણામે કાર્યવાહી લંબાઈ જાય છે.

**ભાગ-૩ : અંકુશના નકારાત્મક પરિણામો**

**(અ) શાળાઓમાં અશિસ્ત :** જ્યારે શિક્ષક જાણે છે કે પ્રિન્સિપાલ કે મંડળી કંઈ કરી શકશે નહીં, ત્યારે તે શિસ્તભંગ તરફ વળે છે. હાજરીમાં બેદરકારી, વિદ્યાર્થીઓ પ્રત્યે ઉદાસીનતા અને કાર્ય પ્રત્યે ઉચાટ - આ અશિસ્તના રૂપ છે.

**(બ) કાર્યપ્રેરણામાં ઘટાડો :** સંચાલકની ભૂમિકા જો માત્ર કાગળો પૂરતી રહે, તો શિક્ષકને પ્રેરણા મળતી નથી. તેને લાગે છે કે મારી કામગીરીથી મંડળી ખુશ કે નારાજ થાય એનો કોઈ મતલબ નથી. પરિણામે - ઉત્સાહ ગુમાવાય છે, અને ''જેઠો નોકરી'' ની માનસિકતા ઊભી થાય છે.

**(ક) પ્રિન્સિપાલની સત્તા ઘટવી :** પ્રિન્સિપાલ હવે માત્ર ''ફાઈલ મેનેજર'' બની ગયો છે. તેને દરેક નાની બાબત માટે સરકારની મંજૂરી લેવી પડે છે. તેનું ધ્યાન શિક્ષણની ગુણવત્તા કરતાં ફોર્મ ભરવામાં વધુ જાય છે.

**(ખ) દાનપ્રવૃત્તિમાં ઘટાડો :** જ્યાં સંચાલકની સત્તા નથી, ત્યાં દાનદાતા પોતાનું યોગદાન આપવાનું ટાળી દે છે. તેને લાગે છે કે ''સરકાર બધું નક્કી કરે છે તો પછી હું શા માટે દાન આપું?'' આથી શાળાઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા અટકી જાય છે, અને નવો વિકાસ અટકી જાય છે.

**(ગ) સંચાલક મંડળીનો ઉદાસીનતા ભાવ :** જ્યારે કોઈ વ્યક્તિની સલાહ, મહેનત અને નિર્ણયને કોઈ વજન ન મળે, ત્યારે તેનું મન ખિન્ન થાય છે. સંચાલક મંડળીના સભ્યો હવે માત્ર નામ પૂરતા બેઠકમાં હાજર રહે છે.

**ભાગ - ૪ : શિક્ષણની ગુણવત્તા પર પ્રભાવ :**

શાળાનું માળખું ત્રણ સ્તંભ પર ઊભું છે - શિક્ષક, પ્રિન્સિપાલ અને સંચાલક મંડળી. જો એમાંનો કોઈ એક સ્તંભ નબળો પડે તો આખી ઈમારત હચમચી જાય છે. સરકારના અતિનિયંત્રણથી : શિક્ષકમાં જવાબદારીની ખોટ, પ્રિન્સિપાલમાં સ્વતંત્રતાની ખોટ, સંચાલકમાં વિશ્વાસની ખોટ, આ ત્રણેય સાથે મળીને શિક્ષણની ગુણવત્તા નબળી પાડે છે. વિદ્યાર્થીની શૈક્ષણિક ઉન્નતિ તો શિક્ષકની કાર્યશક્તિ અને પ્રેરણાથી જ બને છે, અને તે પ્રેરણા ત્યારે જ ટકતી રહે છે જ્યારે સંચાલક અને શિક્ષક વચ્ચે ભાવનાત્મક જોડાણ રહે. આ જોડાણ હવે ઘટી રહ્યું છે.

**ભાગ-૫ : અંકુશના દાર્શનિક અને માનવીય પરિમાણ :**

શાળા ફક્ત કાયદાકીય એકમ નથી, તે માનવીય સંબંધોનો સંગમ છે. જ્યાં પ્રેમ, વિશ્વાસ અને સહયોગનું વાતાવરણ હોય, ત્યાં જ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ શક્ય છે. પરંતુ કડક સરકારશાહી અને દસ્તાવેજી પ્રક્રિયાઓ

આ માનવીય તત્ત્વને મારી નાખે છે. સંચાલક હવે પોતાની શાળાને ''સેવા ક્ષેત્ર'' તરીકે નહીં, પરંતુ ''સરકારી ઑફિસ'' તરીકે જોવાનું શરૂ કરે છે. આ પરિવર્તન ખૂબ જોખમી છે, કેમ કે શિક્ષણનો આત્મા ''સેવા''માં છે, ''શાસન''માં નહીં.

**ભાગ-૬ : સમાજના દૃષ્ટિકોણની અસર :**

સમાજના પ્રતિનિધિઓ જ્યારે શાળામાં જોડાય છે, ત્યારે તે પોતાની પ્રતિષ્ઠા, સમય અને સંપત્તિ લગાવે છે. પરંતુ જો તેમની ભૂમિકા માત્ર દર્શકની રહી જાય તો, ધીમે ધીમે સમાજ અને શાળા વચ્ચેનું અંતર વધી જાય છે. આજની શાળાઓમાં સ્થાનિક લોકોની ભાગાદારી ઓછી થઈ ગઈ છે. ગામની શાળાઓમાં પહેલાની જેમ લોકો દાન આપતા નથી, કાર્યક્રમોમાં જોડાતા નથી. આથી શિક્ષણનું ''લોકપ્રિય સ્વરૂપ'' ખોવાઈ રહ્યું છે.

**ભાગ-૭ : ઉકેલના માર્ગ**

**સંયુક્ત જવાબદારીની નીતિ : (Collaborative Governance)**

ભરતી અને શિસ્ત સંબંધિત બાબતોમાં સરકાર અને સંચાલક મંડળી બંનેની સંમતિ જરૂરી બનાવવી જોઈએ.

**સ્થાનિક સ્તરે નિર્ણય સત્તા :**

પ્રિન્સિપાલ અને મંડળી સાથે મળીને શાળાના દૈનિક વહીવટમાં નિર્ણય લેવાની છૂટ આપવી જોઈએ.

**શિક્ષક મૂલ્યાંકનમાં મંડળીની ભૂમિકા :**

શિક્ષકના વાર્ષિક મૂલ્યાંકન માટે સ્થાનિક સમિતિમાં સંચાલક અને પ્રિન્સિપાલનો હિસ્સો વધારવો જોઈએ. દાનદાતાઓને માન્યતા અને સ્વતંત્રતા, દાન આપનાર વ્યક્તિને માન્યતા પત્ર, નામફલક અથવા આભાર કાર્યક્રમ આપીને પ્રોત્સાહિત કરવા જોઈએ.

**સરકારનો માર્ગદર્શનરૂપ રોલ :**

સરકાર શિક્ષણની ગુણવત્તા નિશ્ચિત કરે. પરંતુ સંચાલનની સ્વતંત્રતા જાળવે. પ્રિન્સિપાલને શૈક્ષણિક નેતા તરીકે સ્થાપિત કરવા. પ્રિન્સિપાલ ફક્ત શાસક નહીં, પણ શિક્ષણના માર્ગદર્શક તરીકે કાર્ય કરે તે સુનિશ્ચિત કરવું જોઈએ.

**ભાગ - ૮ : દાનની પુનઃજાગૃતિ**

દાન એ શિક્ષણની રગોમાં વહેતા લોહીની જેમ છે. જ્યારે દાનદાતાને લાગે કે તેના યોગદાનથી સમાજમાં પરિવર્તન આવે છે, ત્યારે તે સહર્ષ દાન આપે છે. પરંતુ સરકારના અંકુશથી જ્યારે તેના યોગદાનનો ઉપયોગ તેના ઈરાદા પ્રમાણે ન થાય, ત્યારે તે દૂર થઈ જાય છે. આથી દાનપ્રવૃત્તિ જીવંત રાખવા માટે સંચાલકોને નિર્ણય સ્વતંત્રતા આપવી જોઈએ. દાનના પૈસાથી શું કરવું તે મંડળી નક્કી કરે, અને સરકાર માત્ર માર્ગદર્શકની ભૂમિકા ભજવે.

**ભાગ-૯ : વહીવટ અને શિસ્ત વચ્ચેનું સંતુલન**

વહીવટ એટલે નિયમોનું પાલન, પરંતુ શિસ્ત એટલે આંતરિક આત્મનિયંત્રણ. સરકાર વહીવટ સુનિશ્ચિત કરે, પરંતુ શિસ્ત માટે સંચાલકને શક્તિ આપવી જરૂરી છે. શાળામાં શિસ્ત ત્યારે જ ટકશે જ્યારે શિક્ષક જાણે કે

મંડળીએ તેની કામગીરી પર નજર રાખી. શિક્ષણ એ એક જીવંત પ્રવાહ છે - જેનો સ્ત્રોત છે સ્વતંત્રતા અને જવાબદારીનું સમતુલન. જો સ્વતંત્રતા કાપી લેવામાં આવે, તો સર્જનાત્મકતા મરી જાય છે અને જો જવાબદારી ન રહે તો, અનિયંત્રણ વધે છે.

સરકાર અને સંચાલક બંનેનું લક્ષ્ય એક જ છે, ''વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે સુશાસન અને ગુણવત્તાયુક્ત શિક્ષણ.''

આ લક્ષ્ય સિદ્ધ કરવા માટે જરૂરી છે કે સરકાર સંચાલકો પર અતિઅંકુશ ન રાખે, પરંતુ વિશ્વાસ અને સહયોગની નીતિ અપનાવે. શાળા એ ફક્ત બિલ્ડિંગ નથી - તે સમાજનું ભવિષ્ય છે. જો આપણે સંચાલકોની સત્તા, સ્વતંત્રતા અને ઉત્સાહ બચાવી શકીએ, તો શાળાઓ ફરી જીવંત બને - જ્યાં શિક્ષક પ્રેરક બને, પ્રિન્સિપાલ નેતા બને અને સંચાલક ધર્મસ્થિત માર્ગદર્શક બને.

*''અંકુશ જો મર્યાદામાં હોય તો શિસ્ત ઉપજે,*
*અને અંકુશ જો અતિમાં હોય તો પ્રેરણા મરી જાય.''*

આજે શિક્ષણને અંકુશ નહીં, વિશ્વાસની જરૂર છે. સરકાર વિશ્વાસ રાખે, સંચાલક જવાબદારી સમજે અને શિક્ષક પ્રેમથી શીખવે - ત્યારે જ આપણું શિક્ષણ ફરી એ સ્થાન પામશે, જ્યાં ''શાળા'' શબ્દનો અર્થ માત્ર ભણતર નહીં, પણ સંસ્કારનું બીજું ઘર બની રહેશે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૨ થી ચાલુ)

તેનો ઉદ્દેશ હંમેશા એક જ હોય છે. સ્વયંને વધુમાં વધુ જાણવાનો અને પોતાની સાચી ઓળખ થકી જીવનનો અંતિમ હેતુ જાણી પોતે અને પોતાની સાથે જોડાયેલા સર્વોનું કલ્યાણ થાય તેવો રહે છે. આપણે જીવનમાં ભૌતિક સફરો ઘણી કરી હશે પરંતુ આ સ્વયંની સફર કંઈક અલગ પ્રકારની છે. સ્વયંની સફરથી બીજી અનેકાનેક સફરો આપોઆપ થતી રહે છે. સ્વયંની સફરથી સ્વપ્નો સાકાર કરવાની સફર, રાષ્ટ્રસેવાની સફર, સમાજ સેવાની સફર, ઈતિહાસની સફર, મૂલ્યો અને સંસ્કારની સફર, ગુણદર્શનની સફર, ઉત્સવોની સફર, પુસ્તકો સાથેની સફર, નિરોગી આરોગ્યની સફર, તંદુરસ્ત સંબંધોની સફર, વિજ્ઞાનની સફર, પ્રકૃતિ અને પરિભ્રમણની સફર, ચરિત્રદર્શનની સફર, રમતગમતની સફર, જીવન કૌશલ્યોની સફર, ગીત-સંગીતની સફર જેવી એકાધિક સફર ખેડી જીવનને સંતૃપ્ત, સફળ અને શ્રેષ્ઠ બનાવી શકાય છે.

આખરે શિક્ષણક્ષેત્રે અને વાસ્તવિક જીવનવ્યવહારમાં સ્વયંની સફર અનેક રૂડાં પરિણામો લાવી આપે છે. ખાસ કરીને શાળાકક્ષાએ બાળપણથી વિદ્યાર્થીઓને સ્વયંની સફરથી સંપૂર્ણ અવગત કરાવવામાં આવે તો, તેઓનું વિદ્યાર્થીજીવન, વ્યાવસાયિકજીવન, સામાજિકજીવન અને આંતરિકજીવનની પૂર્ણ સમૃદ્ધિ પામીને આંતરિક પરિતોષની ચરમસીમાને આંબે છે. સ્વયંની સફરથી આપણે સ્વયં બદલાયા વગર રહી શકતા નથી અને આ હકારાત્મક બદલાવને ઘર, સમાજ અને રાષ્ટ્ર બદલાવ સુધી વિસ્તારી શકાય છે. આ બદલાવ માત્ર સૈદ્ધાંતિક વાતો જ કરવાથી શક્ય નહીં બને તે સ્વાભાવિક છે, પરંતુ સ્વયંની યાત્રાનો સ્વયંસેવકો દ્વારા નિ:સ્વાર્થ ભાવે પ્રચાર અને પ્રસાર થાય તેમજ દરેક ઘર સુધી સ્વયંની યાત્રાની મહેક પ્રસરે અને સૌના જીવન જીવંત સુગંધિત, સફળ, સાર્થક, સંતૃપ્ત, સંતુલિત અને સકારાત્મક બની રહે એવી સ્વયંની ઉત્કૃષ્ઠ અને ઉદાત્ત અભિલાષા...

# વિચાર ગોષ્ઠી કાર્યક્રમ - અહેવાલ

- અશોક સોમપુરા

ગુજરાતના શૈક્ષણિક માસિકોમાં અગ્રેસર અને ગૌરવવંતુ સ્થાન ધરાવનાર ''ઘરશાળા'' શૈક્ષણિક માસિક છેલ્લા ૮૫ વર્ષથી શિક્ષણ જગત માટે પથદર્શક રહ્યું છે. સરસ્વતી વિદ્યામંડળના હરભાઈ સ્મારક નિધિના ઉપક્રમે શૈક્ષણિક માસિકોના પ્રકાશન સંદર્ભે સ્પર્શતા કેટલાક અગત્યના મુદ્દા અંગે વિચારગોષ્ઠીનું આયોજન તારીખ ૪-૧-૨૦૨૬ને રવિવારના રોજ શાંતિકુમાર કોઠારી વિદ્યાલય (બાલભારતી) અસારવા - ચમનપુરા ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મંગલ પ્રારંભ પ્રાર્થનાથી થયા બાદ ઉપસ્થિત મહેમાનોનો પરિચય સરસ્વતી વિદ્યામંડળના સહમંત્રી શ્રી સજુભા ઝાલાએ આપ્યો હતો. જ્યારે મહેમાનોનું સ્વાગત સુતરની આંટી અને પુસ્તક અર્પણ દ્વારા શ્રી ઈરાબેન ઘોષ અને અશોકભાઈ સોમપુરા દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક વાત કરતા સરસ્વતી વિદ્યામંડળના મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ 'ઘરશાળા' માસિકની ૮૫ વર્ષની વિકાસયાત્રાની વિગતો રજૂ કરી હતી. આ રજૂઆત વખતે તેમણે શ્રી હરભાઈ ત્રિવેદી, શ્રી રઘુભાઈ નાયક, શ્રી જશીબેન નાયક અને વિઠ્ઠલભાઈ ઓઝાને યાદ કરી તેમના યોગદાનને સંભાર્યો હતો.

આ વિચારગોષ્ઠીનો મુખ્ય વિષય ''શૈક્ષણિક માસિકના પ્રશ્નો અને ઉપાયો''... આ વિષય ઉપર પોતાના વિષય રજૂ કરતા જાણીતા કેળવણીકાર શ્રી મનસુખ સલ્લાએ જણાવ્યું કે જેને કશુંક કહેવું છે તે માસિક પ્રગટ કરે છે. તેની પાસે વિચાર સ્પષ્ટતા, તેમજ યોગ્ય વિષયવસ્તુ માટેનો નકશો હોવો જરૂરી છે. લેખકો અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે લેખકોએ સ્વ-કેળવણી કરવી જરૂરી છે. તેમજ તેણે આ અંગે સજ્જતા પણ કેળવવી પડે. આ સાથે પણ તેમણે વિષયને અનુરૂપ ઉપયોગી સૂચનો કર્યા હતા.

ત્યારબાદ અચલા માસિકના તંત્રી અને શિક્ષણશાસ્ત્રી શ્રી મફતલાલ પટેલે માસિક પ્રગટ કરવામાં આવતી મુશ્કેલીઓની વિગતે વાત કરી હતી. આ અંગે તેમણે આર્થિક બાબતો, લેખકની ગુણવત્તા જેવા મુદ્દાઓને તેમની વાતમાં આવરી લીધા હતા.

શિક્ષકની ખુરશી જેમને સિંહાસન જેવી લાગતી હતી એવા જાણીતા હાસ્ય લેખક શ્રી રતિલાલ બોરીસાગરે વિષયને અનુરૂપ વાત કરતા જણાવ્યું કે આપણે પ્રશ્નોથી ભાંગી પડવાને બદલે તેની સામે ઝઝૂમવાની શક્તિ કેળવીએ, સમાજના પ્રત્યેક નાગરિકને જાગૃત કરી જોડવાનું કામ સામયિકે કરવાનું છે. આ માટે વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે શિબિરોનું

આયોજન પણ અનિવાર્ય છે. શ્રી રતિલાલ બોરીસાગરે સંપાદનકાર્યના પોતાના અનુભવો, લેખન ગુણવત્તા જેવા વિવિધ અગત્યના મુદ્દાઓ તેમજ જૂના લખાણો વિશે પણ ઉપયોગી સૂચન કર્યા હતા.

સરસ્વતી વિદ્યામંડળના ચેરમેને પોતાની વાત કરતા જણાવ્યું કે આ ખૂબ સારો વિષય છે. ચર્ચા ખૂબ જ સારી થઈ છે. અને આનો ઉકેલ આવશે એવી મને જરૂર શ્રદ્ધા છે.

કાર્યક્રમના પ્રતિભાવરૂપે શ્રી તખુભાઈ સાંડસુર, શ્રી રમેશભાઈ ઓઝા, શ્રી હિરાલાલ છોડવડિયાએ તેમજ સુરેશદાન ગઢવીએ ઉપયોગી સૂચનો કર્યા હતા. જ્યારે ઈરાબેન નાયકે હરભાઈ, જશીબેન પ્રત્યે વ્યક્ત થયેલા આદર પ્રત્યે ભાવવિભોર બની આભાર પ્રગટ કર્યો હતો.

કાર્યક્રમના અંતે શ્રી કલ્પેશભાઈ પટેલે આભારવિધિ કરી હતી. બાલભારતીના શ્રી દિલીપસિંહ સોલંકીએ વ્યવસ્થા જાળવવામાં પૂરતો સહકાર આપ્યો હતો. જ્યારે અમિતાબેન પાલખીવાલાનું કાર્યક્રમ અંગેનું ઉત્તમ સંચાલન ધ્યાનાકર્ષક રહ્યું હતું.

આ પ્રકારની વિચારગોષ્ઠી સમયાંતરે ગોઠવાય તેવી ભાવના સાથે કાર્યક્રમ સર્વાંગ સફળ રહ્યો હતો.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૨૪ થી ચાલુ)**

શિથિલતાનું જ પરિણામ છે. જ્યાં મોટા સમુદાય સાથે કામ લેવાનું હોય ત્યાં અમુક ચુસ્ત શિસ્ત હોવી જોઈએ તથા અમુક સ્પષ્ટ આચારો પણ નક્કી થવા જોઈએ.

આવા આચારો પ્રજાના માનસ ઘડતર ઉપર મોટી અસર કરે છે. એ સ્પષ્ટ આચારની અંદર ભાવનાને આકાર મળે છે. ભાવના વિનાનો આચાર નકામો છે. પણ ભાવનાએ જે આચાર ઉપજાવ્યો છે તે આચારમાંથી ભાવના પણ જન્મે છે અને જન્મેલી હોય છે તો બળવત્તર બને છે. આપણા ઋષિકુળોની શિક્ષાપ્રણાલિમાં એવા કેટલાયે આચારો હતા અને ભક્તિ સંપ્રદાયમાં હજુ છે. પ્રથમ તો તેનું માત્ર બાહ્ય અનુષ્ઠાન જ કરાવવામાં આવતું અને ક્રમે ક્રમે તેમાંથી શિષ્યમાં ભાવના ઉદય પામતી.

નવી પેઢી ઉપર, બાળકોના મન ઉપર તો આ આચારો ગજબની છાપ પાડી શકે તેની કોઈ ના નહિ પાડી શકે. આપણા રાષ્ટ્રીય જીવનમાં આવા ઘણા આચારો ઉમેરવાની જરૂર છે. પણ એમાંય આ ''વંદે માતરમ્'' આચાર તો પહેલી તકે આખા હિન્દમાં સર્વવ્યાપી એકરૂપ બનાવી દેવો જોઈએ. જ્યારે ''વંદે માતરમ્'' ખાતર, ઉપર જણાવેલ વિદ્યાર્થીઓ આટલો ભોગ આપી રહ્યા છે, ત્યારે એ વસ્તુનું મહત્ત્વ આપણે સમજીને એની પાછળ પ્રજાના નિશ્ચયબળની એક દીવાલ ઊભી કરી દઈએ તો ઘણું કર્યું કહેવાય.

આજે યુદ્ધના નગારાં વાગે છે અને ફરી આખું હિન્દ સત્યાગ્રહનો ઝંડો ક્યારે ઉઠાવશે તે કહી શકાય તેમ નથી ત્યારે આપણું રાષ્ટ્રગીત આપણે એક અખંડ શિસ્તથી ગાવા જેટલી યોગ્યતા નહિ કેળવી શકીએ?

આ લપછપમાંથી જેટલું વહેલું છુટાય તેટલું સારું અને એ બાબત ઉપર આપણું ધ્યાન ખેંચવા માટે આલ્ડસ હકસલેનો પણ કેમ ન આભાર માનવો જોઈએ?

૧૮-૧૨-૧૯૩૮

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ સુધી લેવામાં આવશે. :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ બોર્ડ પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ-૨૦૨૬ સુધી લેવામાં આવશે. જ્યારે ગુજકેટની પરીક્ષા ૨૯મી માર્ચે લેવામાં આવશે. જે અત્યાર સુધીના વર્ષોમાં સૌથી વહેલી છે. આ વર્ષે પણ અંદાજે ૧૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં રેગ્યુલર, રિપીટર અને ખાનગી સહિતની કેટેગરીમાં પરીક્ષા આપશે. ધોરણ-૧૦માં બેઝિક અને સ્ટાન્ડર્ડ ગણિતના પેપરની પરીક્ષા અલગ અલગ દિવસે લેવાશે. ગુજકેટની પરીક્ષા ૨૯મી માર્ચે રાજ્યના જિલ્લા કેન્દ્રોમાં સવારે ૧૦-૦૦ થી સાંજના ૪-૦૦ વાગ્યા સુધી મુખ્ય ચાર વિષયોમાં લેવામાં આવશે.

**ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા ફીમાં આ વર્ષે પાંચ ટકાનો વધારો :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦-૧૨ની પરીક્ષા ફીમાં આ વર્ષે પાંચ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જે મુજબ તમામ કેટેગરીમાં સરેરાશ ૨૦ થી ૩૦ રૂપિયાનો ફી વધારો થયો છે.

**બોર્ડ પરીક્ષામાં નવી અને જૂની ફી કેટલી :**

| કેટગરી | નવી ફી | | | જૂની ફી | | |
|---|---|---|---|---|---|---|
| | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ સાયન્સ | ધોરણ-૧૨ સા.પ્ર. | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ સાયન્સ | ધોરણ-૧૨ સા.પ્ર. |
| નિયમિત | ૪૨૫ | ૭૨૫ | ૫૯૦ | ૪૦૫ | ૬૯૫ | ૫૬૫ |
| રીપીટર-૧ વિષય | ૧૫૫ | ૨૨૦ | ૧૬૫ | ૧૫૦ | ૨૧૦ | ૧૬૦ |
| રીપીટર-૨ વિષય | ૨૨૫ | ૩૬૦ | ૨૬૫ | ૨૧૫ | ૩૪૫ | ૨૫૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રીપીટર-૩ વિષય | ૨૮૫ | ૫૦૫ | ૩૪૫ | ૨૭૫ | ૪૮૫ | ૩૩૦ |
| રીપીટર-૩થી વધુ | ૪૧૫ | ૭૨૫ | ૫૯૦ | ૩૯૫ | ૬૯૫ | ૫૬૫ |
| પૃથ્થક-૧ વિષય | ૧૫૫ | - | ૧૬૫ | ૧૫૦ | - | ૧૬૦ |
| પૃથ્થક-૨ વિષય | ૨૨૫ | - | ૨૬૫ | ૨૧૫ | - | ૨૫૫ |
| પૃથ્થક-૩ વિષય | ૨૮૫ | - | ૩૪૫ | ૨૭૫ | - | ૩૩૦ |
| એક્સટર્નલ-રેગ્યુલર | ૪૧૫ | - | ૫૯૦ | ૪૦૫ | - | ૫૬૫ |
| એક્સ. રિપી. ૧ વિષય | ૧૫૫ | - | ૧૬૫ | ૧૫૦ | - | ૧૬૦ |
| એક્સ. રિપી. ૨ વિષય | ૨૨૫ | - | ૨૬૫ | ૨૧૫ | - | ૨૫૫ |
| એક્સ. રિપી. ૩ વિષય | ૨૮૫ | - | ૩૪૫ | ૨૭૫ | - | ૩૩૦ |
| એક્સ. રિપી.૩થી વધુ | ૪૧૫ | - | ૫૯૦ | ૩૯૫ | - | ૫૬૫ |

**ધોરણ ૧૨ પૂરક પરીક્ષા પાસ વિદ્યાર્થીઓને આ વર્ષે પીટીસીમાં પ્રવેશ મળશે :**

ધોરણ-૧૨ પછીના પીટીસી (ડીએલએડ) અભ્યાસક્રમોમાં નિયમ મુજબ પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો નથી. પરંતુ આ વર્ષે મોડી પ્રવેશ પ્રક્રિયા થતાં અને બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા પહેલાં પૂરક પરીક્ષાનું પરિણામ આવતા અનેક ઉમેદવારોએ પ્રવેશ આપવા માગણી કરી હતી. જેને પગલે સરકારે ખાસ કેસમાં આ વર્ષ માટે પૂરક પરીક્ષા પાસને પ્રવેશની તક આપી છે.

**દસમા-બારમા ધોરણના વિદ્યાર્થીને કોમિક બુક સિરીઝના માધ્યમથી આવકવેરાનું જ્ઞાન આપશે :**

આવકવેરા ખાતાનો સહયોગ લઈને સમગ્ર દેશના સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન છોકરાઓને આવકવેરાને લગતું જ્ઞાન આપવાનું આયોજન કરવા માંડ્યું છે. આ સંદર્ભમાં સીબીએસઈ અને આવકવેરાના અધિકારીઓ વચ્ચે ચર્ચા-વિચારણા થઈ ચૂકી છે, તેને માટે આઠ જુદી જુદી કોમિક બુકની સિરીઝ તૈયાર કરવામાં આવી રહી છે. તેમાં મોટું અને પતલું નામના બે કેરેક્ટરના સંવાદના માધ્યમથી દસમાથી બારમા ધોરણના બાળકોને આવકવેરા અંગેનું જ્ઞાન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આમ રમતા-રમતા આવકવેરાના અત્યંત ગંભીર વિષયનું જ્ઞાન આપવાનું નક્કી કરવામાં આવી રહ્યું છે.

**કૉલેજના ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીને સેમેસ્ટર-૬માં ઈન્ટર્નશિપ અપાશે :**

નવી શિક્ષણનીતિ અંતર્ગત ૨૦૨૩માં પ્રવેશ લેનારા સાયન્સ, આર્ટ્સ, કોમર્સ, ફેકલ્ટીના પાંચમાં સેમેસ્ટર પૂરું થયા બાદ છઠ્ઠા (૬ઠ્ઠા) સેમેસ્ટરમાં ઈન્ટર્નશિપ માટેની જોગવાઈ છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચેમ્બર ઑફ કોમર્સ ઈન્ડસ્ટ્રી સાથે જોડાણ કરવામાં આવ્યું

છે, સાયન્સ, આર્ટસ્, કોમર્સ તેમજ લો સહિતના અંદાજે ૫૦ પચાસ હજારથી વધુ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશીપ અપાશે.

**સરકારે ૧૧ નર્સિંગ કૉલેજોમાં પોસ્ટ બેઝિક ડિપ્લોમા નર્સિંગ કોર્સ શરૂ કર્યો :**

રાજ્યની સરકારી અને જીએમઈઆરએસ મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલોમાં નર્સિંગ સ્ટાફમાં અછત ન પડે તે માટે સરકારે સ્ટાફ વધારવા ૧૧ નર્સિંગ કૉલેજોમાં પોસ્ટ બેઝિક ડિપ્લોમા નર્સિંગ કોર્સ શરૂ કર્યો છે. ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા મંજૂરી મળ્યા બાદ ૭ સંપૂર્ણ સરકારી અને ૪ જીએમઈઆરએસ મેડિકલ કૉલેજ હોસ્પિટલ સંલગ્ન નર્સિંગ સ્કૂલમાં સ્પેશિયલ બ્રાન્ચમાં પોસ્ટ બેઝિક ડિપ્લોમા નર્સિંગ કોર્સ શરૂ થયો છે. આ કોર્સિસમાં કાઉન્સિલે ૫૮૦ બેઠકો મંજૂર કરી છે. જેમાં વિદ્યાર્થીઓને સરકારી ફીમાં પ્રવેશ અપાશે.

**ટેકનિકલ કોર્સમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે હવે નવી પરીક્ષા-મૂલ્યાંકન પદ્ધતિ :**

ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરી તેમજ ફાર્મસી, એમબીએ, એમસીએ સહિતના વિવિધ ટેક્નિકલ કોર્સિસમાં દર વર્ષે વિવિધ સેમેસ્ટરમાં રાજ્યભરમાં લાખો વિદ્યાર્થીઓ પરીક્ષા આપતા હોય છે. જેમાં મોટી સંખ્યામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ પણ હોય છે. ત્યારે જીટીયુ દ્વારા પ્રથમવાર દિવ્યાંગ વિદ્યાર્થીઓને ધ્યાને રાખીને ખાસ પોલિસી ઘડવામાં આવી છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે નવી પરીક્ષા અને નવી મૂલ્યાંકન પદ્ધતિ પણ નક્કી કરવામાં આવી છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના મૂલ્યાંકનમાં પણ સંવેદનશીલતા રાખીને તે પ્રકારે જ ચેકિંગ-મૂલ્યાંકન કરવામાં આવશે. વધુમાં સાંભળવાનું મશીન, બ્રેઈલ સ્લેટ, સ્ક્રીન રીડર અને લેપટોપ વાપરવાની પણ છૂટ અપાશે.

**મહેસાણાના સી.આર.સી.કો.ઓ. હેતલબેન મહેતાને અંજુ-નરશી પારિતોષિક એનાયત થયોઃ**

તા. ૯-૧૧-૨૦૨૫ના રોજ જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના પરબધામ મુકામે અંજુ-નરશી પારિતોષિક-૨૦૨૫ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેસાણામાં સી.આર.સી. કો.ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવતા અને લેખિકા શ્રી હેતલબેન મહેતાને તેમના બાળ સાહિત્યનું પુસ્તક દરિયાદિલ પ્રથમ ક્રમાંકે વિજેતા થતાં અનેક સાહિત્યકારો, કેળવણીકારો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં અંજુ-નરશી પારિતોષિક ૨૦૨૫ એનાયત કરવામાં આવ્યો હતો.

**શ્રી મણિલાલ શ્રીમાળી 'મિલન'ના પુસ્તકોનું વિમોચન :**

શ્રી મણીલાલ શ્રીમાળી 'મિલન' લિખિત ''મમ્મીનો ટહુકો'' - બાળગીત તથા ''યાદ સતાવે મને'' (કાવ્ય સંગ્રહ)નો વિમોચન સમારોહ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરમાં યશંવત પર્વ વય વંદના અંતર્ગત અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા સાહેબ, મહામાત્ર શ્રી જયેન્દ્રસિંહ જાદવ, બાળ સાહિત્યકાર શ્રી યશવંત મહેતા, ડૉ. શ્રદ્ધા ત્રિવેદી અને ગિરીમા ઘારેખાન દ્વારા બન્ને પુસ્તકોનું વિમોચન તા. ૨૧-૧૧-૨૦૨૫ને શુક્રવારે ૪:૩૦ વાગે વિવિધ સર્જકો, ભાવુકો

અને વાંચકોના વિશાળ સમૂહની હાજરીમાં ભવ્ય રીતે મેઘાણી ભવન, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો.

**ટૂંકાવીને...**

- વિદ્યાર્થીની ભણવા સાથેની નોકરી કે CA-CS ઈન્ટર્નશિપમાં ગણી લેવાશે.
- ડિફેન્સ સ્ટડીઝ એન્ડ રિસર્ચ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીમાં કલચર હેરિટેજ ડિજિટલ સેન્ટર બનશે.
- કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને નિવેદન કર્યું હતું કે ધોરણ-૧૧-૧૨માં કૌશલ્ય આધારિત શિક્ષણ શરૂ કરવાની વિચારણા થઈ રહી છે.
- ૧૦ વર્ષમાં ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં અઢી લાખ પુસ્તકો વંચાયા, અભ્યાસલક્ષી અને સ્પર્ધાત્મક પરીક્ષાના સૌથી વધુ પુસ્તકો વંચાયા.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૧૫ થી ચાલુ)**

વ્યાખ્યાનમંડપ, એની સામે બોધિસત્ત્વ કે બુદ્ધની મૂર્તિ અથવા સ્તૂપ બાજુ ઉપરની દીવાલમાં અંધારામાં સંતાયેલી શ્રમણોની ઓરડીઓની હાર; અને વ્યાખ્યાન મંડપમાં તેમ જ સામેની મૂર્તિ ઉપર પ્રકાશ પાડવા માટે પ્રવેશદ્વારને માથે પીપળ પાનના આકારનું મોટું ગવાક્ષ; એ આ ગુફાઓનું સામાન્ય સ્વરૂપ ગણાય. આ ગુફાઓ ત્રણે ઋતુમાં સ્થિર—સુખ અનુકૂલિત હોવાથી સાધુઓ માટે ખાસ ઉપયોગી હોય છે. એક વાર કોતરાઈ તે કોતરાઈ. પછી દર વરસે એની મરામત કરાવવાપણું ન રહે. બહાર ધોધમાર વરસાદ પડતો હોય તોપણ અંદરની ઓરડીઓ કોરી ને કોરી. શિયાળામાં બાણના વર્ષાવન જેવો તીણો પવન વાતો હોય તોયે અંદરની હૂંફ જરાયે દગો ન દે. અને હિંદુસ્તાનના પ્રખર ગ્રીષ્મમાં જુઓ તો અંદર શીતળ શાંતિ જ સચવાઈ હોય. દરેક ગુફા દીઠ પાણીની ટાંકી તો હોય જ, જેમાં પહાડનું જીવતું અને અમૃત જેવું પાણી હંમેશ ભરેલું મળે. નિવૃત્ત થવું હોય તો અહીં બહારની આખી દુનિયા ભૂલી શકાય, અને ડોકિયું કરવું જ હોય તો મોટા જળપ્રપાત, દૂર દૂર સુધી પથરાયેલી ગાલીચા જેવી વનરાજી અથવા જીવન સાથે સરખાવી શકાય એવા સમુદ્રનો વિશાળ જીવનરાશિ સહેજે નજરે પડે. આ ગુફાઓમાં એકધારું વાતાવરણ રહે છે. તેને સુંદર અને વિવિધ બનાવવાનું કામ પ્રકાશ અને અંધારાનું. આ સનાતન સમોવડિયાઓ અનંત કાળ માટે અહીં રમતો રમતા હોય છે. ભરતી-ઓટની લીલા થાકે તો પ્રકાશ અંધારાની રમત વિરમે. અને શું આ ગુફાઓમાં રહેનારા તપસ્વીઓ અને સંન્યાસીઓની હૃદયગુફામાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ, રસિકતા અને સંયમ, કારુણ્ય અને ઉગ્રતા એવી અનેક જોડીઓની અખંડ રમત નહીં ચાલતી હોય? શાંત વાતાવરણમાં આવી સૂક્ષ્મ અશાંતિ કેટલી મીઠી અને છતાં કેટલી ગંભીર જણાતી હશે?

★

લગ્નમાં તો વિઘ્નો હોય જ છે. પણ લેખનમાં પણ વિઘ્નો કેટલાં? હવે આ કાગળ પૂરો કરવા બેસું તો કોણ જાણે ક્યારે મોકલાશે? એટલે આટલો જ કકડો મોકલું છું.










**ઘરશાળા**
ફેબ્રુઆરી-૨૦૨૬

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

## આ વસંત ખીલે શત પાંખડી

આ વસંત ખિલે શત પાંખડી હરી આવોને
આવી સૃષ્ટિએ ધરિયો સોહાગ
હવે તો હરી આવોને
આ વિશ્વ વધે વધામણી હરી આવોને
આવી વાંચો અમારા સૌભાગ્ય હવે તો હરી આવોને
આ ચંદરવો કરી ચાંદની હરી આવોને
વેર્યા તારલિયાના ફૂલ હવે તો હરી આવોને
...આ વસંત...
આ માથે મયંકનો મણી તપે હરી આવોને
એમ આવી જીવન મહીમાય હવે તો હરી આવોને
...આ વસંત...
આ આસોપાલવને પાંદડે હરી આવોને
મન મહેરામણ મહારાજ હવે તો હરી આવોને
...આ વસંત...
મારા કાળજ કેરી કુંજમાં હરી આવો ને
મારા આતમ સરોવર ઘાટ હવે તો હરી આવોને
...આ વસંત...

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું